PRGI No. GUJGUJ/2016/70752



# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 205
Dt.: 31-05-2026,
Sunday
Page:04
Rs.00.50 paisa

પાકિસ્તાનથી મોકલાયેલો વિસ્ફોટક અને ગ્રેનેડ જપ્ત

## દિલ્હીમાં મોટું આતંકવાદી કાવતરું નિષ્ફળ, ISIના ૯ એજન્ટની ધરપકડ

### આતંકીઓનો હેતુ દિલ્હી, મુંબઈ સહિતના મોટા શહેરોમાં અંધાધૂંધી ફેલાવવાનો અને દેશના સૌથી પાવરફુલ તેમજ સંવેદનશીલ સ્થળો પર હુમલો કરવાનો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે એક મોટા આતંકી સંગઠનના નેટવર્કનો પર્દાફાશ કરતા ૯ આરોપીઓની ધરપકડ કરી છે. તપાસમાં સામે આવ્યું છે કે, આ નેટવર્ક પાકિસ્તાનની જાસૂસી એજન્સી આઈએસઆઈ, અંડરવર્લ્ડ ગ્રુપ દાઉદ ઈબ્રાહિમ સાથે જોડાયેલા તત્વો અને પાકિસ્તાન-દુબઈ આધારિત ઓપરેટરો સાથે મળીને ભારતમાં મોટા આતંક કાવતરાને અંજામ આપવાની તૈયારી કરી રહ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી વિસ્ફોટક સામગ્રી, ગ્રેનેડ અને અત્યાધુનિક વિદેશી હથિયાર જપ્ત કર્યા છે.સૂત્રો અનુસાર આ નેટવર્કના તાર પાકિસ્તાન અને દુબઈ સુધી જોડાયેલા છે. આ ધરપકડ દિલ્હી, મુંબઈ, રાજસ્થાન અને પંજાબ સહિત વિવિધ રાજ્યોમાં ચલાવવામાં આવેલા સંયુક્ત અભિયાન દરમિયાન કરવામાં આવી. તપાસ એજન્સીઓનો દાવો છે કે, આરોપીઓને દેશના મહત્વપૂર્ણ અને સંવેદનશીલ સ્થળોને નિશાન બનાવવાની જવાબદારી સોંપવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે, નેટવર્ક ત્રણ લેવલ પર સંચાલિત થઈ રહી છે. સૂત્રો અનુસાર આખા ઓપરેશનનું માસ્ટરમાઈન્ડ પાકિસ્તાનનું આઈએસઆઈ હતું, જ્યારે નેટવર્કનો એક ભાગ અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમથી જોડાયેલા તત્વોના નિર્દેશન પર કામ કરી રહ્યો હતો. જ્યારે બીજા ભાગનું સંચાલન પાકિસ્તાન સાથે જોડાયેલા કથિત ઓપરેટર શહજાદ ભટ્ટી દ્વારા કરવામાં આવ્યું હતું. તપાસ એજન્સીઓ આ તમામ કડીઓની વિસ્તૃત તપાસ કરી રહી છે. સૂત્રો મુજબ આતંકીઓના નિશાન પર દિલ્હી અને અન્ય મોટા શહેરોના મહત્વપૂર્ણ સ્થળો હતા. શક્ય ટાર્ગેટ્સમાં પાવર પ્લાન્ટ, વીજ ઉત્પાદન અને વિતરણ કેન્દ્ર, એરપોર્ટ, રેલવે સ્ટેશન અને એનર્જી ક્ષેત્રના અન્ય મહત્વના સ્થળોનો સમાવેશ થાય છે. સુરક્ષા એજન્સીઓનું માનવું છે કે આ સ્થળોએ હુમલો કરીને મોટી જાનહાનિ સાથે દેશની જરૂરી સેવાઓને ખોરવવાની યોજના બનાવવામાં આવી હતી. તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે મળેલી વિસ્ફોટક સામગ્રી કથિત રીતે સરહદ પારથી ભારતમાં લાવવામાં આવી હતી. એજન્સીઓ એ શોધી રહી છે કે વિસ્ફોટક અને હથિયારોની ખેપ દેશમાં કયા નેટવર્ક દ્વારા પહોંચાડવામાં આવી અને તેના પાછળ કયા કયા લોકો સંડોવાયેલા હતા. મળેલી સામગ્રીમાં ગ્રેનેડ અને અનેક અદ્યતન વિદેશી હથિયારોનો સમાવેશ થાય છે, જેના કારણે સુરક્ષા એજન્સીઓની ચિંતા વધી ગઈ છે. ધરપકડ કરાયેલા આરોપીઓની પૂછપરછના આધારે અનેક મહત્વપૂર્ણ ખુલાસાઓ થવાની શક્યતા છે. તપાસ એજન્સીઓ તેમના ડિજિટલ ઉપકરણો, સંચાર માધ્યમો અને નાણાકીય લેવડ-દેવડની પણ તપાસ કરી રહી છે, જેથી આખા નેટવર્કની રચના, ફંડિંગ અને વિદેશી સંપર્કો વિશે જાણકારી મળી શકે. સુરક્ષા નિષ્ણાતોનું માનવું છે કે આ કાર્યવાહી દેશની સુરક્ષા માટે મોટી સફળતા છે, કારણ કે આથી એવા નેટવર્કનો પર્દાફાશ થયો છે, જેના કથિત કનેક્શન પાકિસ્તાનની ISI, દુબઈ આધારિત ઓપરેટર્સ અને અંડરવર્લ્ડ સાથે જોડાયેલા તત્વો સુધી પહોંચે છે. જોકે તપાસ હજુ ચાલુ છે અને અનેક તથ્યોની અધિકૃત પુષ્ટિ પોલીસની વિગતવાર બ્રીફિંગ પછી જ થઈ શકશે.

## જેટલી ફોર્સ બોલાવવી હોય બોલાવી લો, હું સરકારી નિવાસ ખાલી નહીં કરું: પૂર્વ મુખ્યમંત્રી રાબડી દેવીનું મોટું નિવેદન

### રાબડી દેવીએ કહ્યું કે, સમ્રાટ ચૌધરી મને ઘર ખાલી કરવા જેટલી ફોર્સ બોલાવવી હોય તેટલી બોલાવી લે

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

બિહારના પૂર્વ મુખ્યમંત્રી રાબડી દેવીને પટણા સ્થિત ૧૦ સર્ક્યુલર રોડ ખાતેનું તેમનું સરકારી નિવાસસ્થાન ખાલી કરવા માટે અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે. આ સરકારી આદેશ બાદ બિહારના રાજકારણમાં એકાએક ગરમાવો આવી ગયો છે. આ મુદ્દે પૂર્વ મુખ્યમંત્રી રાબડી દેવીએ પણ આક્રમક વલણ અપનાવતા મોટું નિવેદન આપ્યું છે અને ઘર ખાલી કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. રાબડી દેવી તેમના પૌત્ર ઈરાજના જન્મદિવસની ઉજવણીમાં હાજરી આપીને દિલ્હીથી પટણા પરત ફર્યા હતા. પટણા એરપોર્ટ પર મીડિયા સાથે વાતચીત દરમિયાન પત્રકારોએ જ્યારે તેમને સરકારી નિવાસસ્થાન ખાલી કરવાના આદેશ વિશે પૂછ્યું, ત્યારે તેમણે આક્રોશ વ્યક્ત કર્યો હતો. રાબડી દેવીએ સીધો પડકાર ફેંકતા કહ્યું કે, સમ્રાટ ચૌધરી મને ઘર ખાલી કરવા માટે જેટલી ફોર્સ બોલાવવી હોય તેટલી બોલાવી લે, પણ હું કોઈપણ સંજોગોમાં આ નિવાસસ્થાન ખાલી કરવાની નથી. પૂર્વ મુખ્યમંત્રીના આ તેવરથી રાજકીય વર્તુળોમાં નવી ચર્ચા શરૂ થઈ ગઈ છે. રાબડી દેવીના આ આક્રમક નિવેદન સામે ભારતીય જનતા પાર્ટી (BJP) એ પણ વળતો પ્રહાર કર્યો છે. ભાજપના રાજ્ય પ્રવક્તા નીરજ કુમારે આકરા શબ્દોમાં પ્રતિક્રિયા આપતા કહ્યું કે, રાબડી દેવીજી, આ જંગલરાજ નથી કે તમારી મનમાની ચાલે. અહીં કાયદાનું પાલન થવું જ જોઈએ. તમારા પરિવારના લોકો સારવાર માટે સિંગાપોર જાય છે, દિલ્હીમાં પૌત્રનો જન્મદિવસ ઉજવવા જાય છે, અને જ્યારે લૂંટની વાત આવે છે ત્યારે બિહાર પાછા આવી જાય છે. આ બધું હવે નહીં ચાલે; કાયદાનું સન્માન કરવું જ પડશે. ભાજપ પ્રવક્તા નીરજ કુમારે લાલુ યાદવના પરિવાર પર કટાક્ષ કરતા વધુમાં ઉમેર્યું હતું કે, યાદવ પરિવારે ૧૦ સર્ક્યુલર રોડના આ બંગલામાં એવો તે કયો ખજાનો છુપાવ્યો છે કે તેઓ તેને છોડવા તૈયાર નથી? જો ત્યાં કોઈ છુપાયેલો ખજાનો હશે તો પણ બિહાર પોલીસ તેને શોધી જ કાઢશે. ઉલ્લેખનીય છે કે, બિહારમાં સરકારી બંગલો ખાલી કરાવવાના આ કાયદાકીય આદેશ સામે હવે લાલુ પરિવાર અને સત્તાધારી પક્ષ સામસામે આવી ગયા છે, જેને કારણે આગામી દિવસોમાં આ રાજકીય વિવાદ વધુ ઉગ્ર બને તેવા એંધાણ દેખાઈ રહ્યા છે.

## ભારત સાથે વેપાર કરાર હવે ૧% જ બાકી: યુએસ રાજદૂત ગોર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઊભરતી તકો, ખાસ કરીને હાઈ-ટેકનોલોજી અને ક્રિટિકલ મિનરલ્સના ક્ષેત્રે લાભ ઉઠાવવા માટે ભારત અને અમેરિકા વચ્ચેની ભાગીદારી જેવી ઉત્તમ સ્થિતિમાં અન્ય કોઈ ભાગીદારી નથી, તેમ અમેરિકાના રાજદૂત સેર્જીઓ ગોરે જણાવ્યું હતું.

આ સાથે જ તેમણે નોંધ્યું હતું કે બંને પક્ષો વચ્ચે પ્રસ્તાવિત વેપાર કરારને અંતિમ રૂપ આપવા માટે હવે માત્ર એક ટકા જેટલી જ બાબતો બાકી રહી છે.ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, દિલ્હી ખાતે એક કાર્યક્રમમાં સંબોધન આપતા રાજદૂતે એમ પણ કહ્યું હતું કે, વર્તમાન ટેકનોલોજીકલ અને ભૌગોલિક-રાજકીયપરિદ્રશ્યને ધ્યાનમાં રાખીને અમેરિકા તેની નિકાસ નિયંત્રણ નીતિઓમાં સક્રિયપણે ફેરફાર કરી રહ્યું છે, જેથી સુરક્ષાની યોગ્ય તાઓ અને વેપાર તેમજ સંશોધનને પ્રોત્સાહન આપવા વચ્ચે યોગ્ય સંતુલન જાળવી શકાય.ગોરે ભારત-અમેરિકા સંબંધોના વિવિધ પાસાઓ પર ચર્ચા કરી હતી અને જણાવ્યું હતું કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ વેપાર અને રોકાણ, ક્રિટિકલ ટેકનોલોજી, ફાર્માસ્યુટિકલ્સ તેમજ રિસર્ચ અને ઇનોવેશનના ક્ષેત્રોમાં આ સંબંધોને વધુ વિસ્તારવાની મોટી તકો રહેલી છે.

ટ્રમ્પનું ટેન્શન વધ્યું

## અમેરિકાના પ્રમુખ તરીકે નાપસંદ કરનારા શ્વેત મતદારો વધી ૫૪% થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)વૉશિંગ્ટન



અમેરિકન પ્રમુખના કટ્ટર સમર્થકો મનાતા વ્હાઈટ વોટર્સ પણ હવે તેમનાથી નિરાશ છે.ટ્રમ્પ અર્થતંત્રમાં વાળેલા છબરડા અને વધતી જતી મોંઘવારી જોઈ ૨૦૨૪માં તેમને જંગી માર્જિનથી જીતાડનારા શ્વેત નોકરિયાત મતદારોમાં તેમનું એપ્રુવલ રેટિંગ ઘટયું છે, આમ ટ્રમ્પને નાપસંદ કરનારા શ્વેત અમેરિકનોની ટકાવારી ૫૪ ટકાએ પહોંચી ગઈ હોવાનું વોશિંગ્ટન પોસ્ટે જણાવ્યું હતું.પોસ્ટ મુજબ સીબીએસ ન્યૂઝ પોલ આ મહિને કરવામાં આવ્યો હતો. તેમા ટ્રમ્પની કામગીરી અંગે કોલેજ ડિગ્રી વગરના શ્વેત મતદાતાઓનું ડિસએપ્રુવલ રેટિંગ વધીને ૫૪ ટકાએ પહોંચી ગયુ છે, જે અત્યાર સુધીનું સૌથી વધારે છે. ફેબ્રુઆરી ૨૦૨૫માં આ રેટિંગ ૩૨ ટકા હતુ અને આ વર્ષે માર્ચમાં તે ૪૫ ટકા થયું હતું.આગામી નવેમ્બરમાં મિડ ટર્મ ઈલેકશન છે તે પહેલા આ પ્રકારનું રેટિંગ રિપબ્લિકનો માટે ચેતવણીનો સંકેત છે. ટ્રમ્પે ઓફશોરિંગના કારણે ગુમાવાયેલી જોબ્સને પરત લાવવાનું, વૈશ્વિકીકરણને નકારી દેવાનું અને ઈમિગ્રેશન પર ત્રાટકવાનું વચન આપીને ૨૦૧૬માં કોલેજ ડિગ્રી વગરના શ્વેત મતદારોનો બે તૃતિયાંશ ટેકો મેળવ્યો હતો. ટ્રમ્પ ૨૦૨૦ અને ૨૦૨૪ સુધી આ સમર્થન જાળવી રાખ્યું હતું.જો કે કોલેજ ડિગ્રી વગરના શ્વેત અમેરિકનો હજી પણ ટ્રમ્પ ઈમિગ્રેશનને લઈને જે વલણ દાખવી રહ્યા છે તેને યોગ્ય માને છે એમ આ વર્ષે સીબીએસ ન્યૂઝ-યુગવ પોલમાં જણાવાયું હતું, પરંતુ તેના માર્જિનમાં ઘટાડો થયો હતો. તેઓએ ટ્રમ્પના અર્થતંત્રના સંચાલનને ૨૨ પોઈન્ટનું ડિસએપ્રૂવલ રેટિંગ આપ્યું હતું. આ સિવાય મેના મધ્યમાં અન્ય મહત્વના નેશનલ સરવેમાં પ્રમુખનું એપ્રૂવલ રેટિંગ નવી સપાટીએ પહોંચ્યુ હતુ. નવા ઈકોનોમિસ્ટ-યુગવપોલ મુજબ ટ્રમ્પનું એપ્રિવલ રેટિંગ તેમની છેલ્લી બે ટર્મમાં ઘટીને ૩૪ ટકાના સ્તરે પહોંચી ગયુ છે.જ્યારે અમેરિકન રિસર્ચ ગ્રુપના નેશનલ સરવેના તારણ મુજબ ટ્રમ્પનું એપ્રિવલ રેટિંગ ૩૧ ટકા અને ડિસએપ્રૂવલ રેટિંગ ૬૪ ટકા છે, જે અત્યાર સુધીની બધી ટર્મમાં સૌથી ઓછું છે. ક્વિનિપિયાક યુનિવર્સિટીના નેશનલ પોલ મુજબ ટ્રમ્પનું એપ્રુવલ રેટિંગ ૩૪ ટકા અને ડિસએપ્રુવલ રેટિંગ ૫૮ ટકા હતુ, જે તેમની પ્રેસિડેન્સીમાં અત્યાર સુધીમાં સૌથી નીચું રેટિંગ છે.

કોકરોચ જનતા પાર્ટી પર RSS ની પ્રથમ પ્રતિક્રિયા

## ભારતના Gen Z અત્યંત આશાવાદી છે અને તેમને દેશ પર અતૂટ વિશ્વાસ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોકરોચ જનતા પાર્ટીને લઈને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ની પહેલી પ્રતિક્રિયા સામે આવી છે. RSS નેતા સુનીલ આંબેકરે જણાવ્યું છે કે ભારતીય લોકશાહીમાં તમામ અવાજો અને લાગણીઓને સમાવવાની ક્ષમતા છે અને Gen-Z ને દેશ પર પૂરો ભરોસો છે. તમને જણાવી દઈએ કે જેન-Z એવા યુવાનો છે જેમનો જન્મ ૧૯૯૭ થી ૨૦૧૨ ની વચ્ચે થયો છે. RSS ના અખિલ ભારતીય પ્રચાર પ્રમુખ આંબેકરે નાગપુરમાં પત્રકારો સાથેની વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે, ભારત લોકતાંત્રિક પ્રક્રિયાઓનું પાલન કરે છે, પારદર્શક ચૂંટણીઓ કરાવે છે અને સોશિયલ મીડિયા સહિત અહીં મુક્ત મીડિયા છે. તેઓ કોકરોચ જનતા પાર્ટીને લઈને પૂછવામાં આવેલા એક પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા.

તેમણે કહ્યું, તેથી મને લાગે છે કે લોકશાહીમાં કોઈપણ પ્રકારની ચર્ચા અને લોકો દ્વારા રજૂ કરવામાં આવતા અને વ્યક્ત કરવામાં આવતા વિવિધ વિચારોને આશ્ચર્ય તરીકે ન જોવા જોઈએ. તેમને સામાન્ય પ્રક્રિયાનો એક ભાગ માનવો જોઈએ. મારું માનવું છે કે મીડિયા તેમને સંભાળવા માટે પૂરતું સ્વતંત્ર છે. રાજકીય પક્ષો પણ અસ્તિત્વમાં છે અને સક્ષમ છે. આપણી કોઈપણ સંસ્થા નબળી નથી.

આંબેકરે કહ્યું, આપણી જનતાની શક્તિ અને આપણી લોકશાહી મજબૂત છે. મારું માનવું છે કે આપણી લોકશાહીમાં દરેકના અવાજ અને લાગણીઓને સામેલ કરવાની ક્ષમતા છે અને લોકોએ તેના પર ભરોસો રાખવો જોઈએ. RSS ને આના પર સંપૂર્ણ વિશ્વાસ છે.

તેમણે ઉમેર્યું કે ભારતના યુવાનો અથવા જેન-Z ખૂબ જ આશાવાદી છે અને દેશ પર તેમનો અતૂટ વિશ્વાસ છે તથા તેઓ બંધારણીય માળખાની અંદર રહીને કામ કરે છે. આંબેકરે કહ્યું, લોકશાહીમાં વિવિધ મુદ્દાઓ ઉઠે છે અને તેને ઉકેલવાની લોકતાંત્રિક રીતો પણ હોય છે. RSS ના સરકાર્યવાહ દત્તાત્રેય હોસબાળેના પાકિસ્તાન સાથે વાતચીત કરવાના મુદ્દે આંબેકરે જણાવ્યું કે, સંઘ હંમેશાથી માનતો આવ્યો છે કે લોકો વચ્ચેની વાતચીતથી સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે. તેમણે કહ્યું કે સરકારી સ્તરે વાટાઘાટો કરવી એ એક રાજકીય અને રાજદ્વારી (ડિપ્લોમેટિક) નિર્ણય છે.

આંબેકરે કહ્યું, એ વાત સાચી છે કે જ્યારે સત્તાવાર ચેનલો દ્વારા વસ્તુઓ આગળ વધી રહી નથી, ત્યારે તેમણે કહ્યું છે કે બંને દેશોના લોકો વચ્ચે જે સંવાદ અત્યારે થઈ રહ્યો છે, તે ચાલુ રહેવો જોઈએ. કેટલાક મુદ્દાઓ હજુ પણ ઉઠે છે અને વેપાર અત્યારે પણ ચાલુ છે, તેને જાળવી રાખવો જોઈએ જેથી સંબંધો મજબૂત રહે અને ધીમે-ધીમે કેટલીક બાબતો ઉકેલાઈ જશે.

તેમણે વધુમાં જણાવ્યું કે RSS હંમેશાથી ભારતના ભાગલાનો વિરોધી રહ્યો છે અને જો તે સમયે સંગઠન મજબૂત હોત તો ભાગલા ક્યારેય ન થયા હોત.




## CUET UG પરીક્ષામાં સર્વર ઠપ થતાં ભારે હોબાળા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશમાં મેડિકલ પ્રવેશ પરીક્ષા નીટ (NEET) ને લઈને પહેલાથી જ ભારે હોબાળો મચેલો છે અને નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) ચારેય તરફથી વિવાદોમાં ઘેરાયેલી છે. આ ગંભીર તણાવ વચ્ચે આજે એટલે કે ૩૦ મે ૨૦૨૬ ના રોજ દેશભરમાં આયોજિત CUET UGના (કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ) પરીક્ષા કેન્દ્રો પર મોટી ગેરવ્યવસ્થાના દ્રશ્યો સામે આવ્યા છે, જેના કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. મળતી માહિતી મુજબ, પરીક્ષાનું આયોજન કરતી એજન્સી TCS ના (ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ) સર્વરમાં અચાનક ટેકનિકલ ખામી સર્જાઈ હતી. સર્વર ઠપ થઈ જવાના કારણે દેશના કલાકો સુધી ઘણા પરીક્ષા કેન્દ્રો પર સીયુઈટી યુજીની પરીક્ષા સમયસર શરૂ થઈ શકી ન હતી. કમ્પ્યુટર સ્ક્રીન લોગ-ઈન ન થવાને કારણે સેન્ટર્સ પર વિદ્યાર્થીઓ લાંબા સમય સુધી બેસી રહ્યા હતા અને પરીક્ષામાં મોડું થયું હતું. સવારની શિફ્ટમાં સર્જાયેલી આ ટેકનિકલ ખામી અને ભારે અંધાધૂંધીના પગલે નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ (NTA) તાબડતોબ નિર્ણય લેવો પડ્યો હતો.

NTA દ્વારા બપોરની શિફ્ટના સમયમાં ફેરફાર કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. જેથી કરીને ટેકનિકલ ખામીને સુધારી શકાય અને વિદ્યાર્થીઓને વધુ પરેશાની ન થાય. જો કે, આ અચાનક કરાયેલા ફેરફારથી દૂર-દૂરથી આવેલા પરીક્ષાર્થીઓને સેન્ટર પર કલાકો સુધી રાહ જોવાની ફરજ પડી હતી.



# તંત્રી લેખ......

## સમગ્ર વ્યવસ્થાની નિષ્ફળતા

મધ્યપ્રદેશ સરકાર, ભોપાલ પોલીસ અને ન્યાયિક અધિકારીઓએ ત્વિષા શર્માના મૃત્યુના કેસને જે રીતે હેન્ડલ કર્યો તે રાજ્ય વ્યવસ્થાના તમામ અંગોની નિષ્ફળતાની નિશાની છે: ચૂંટાયેલી સરકાર, પોલીસ વહીવટ અને ગૌણ ન્યાયતંત્ર. જો મીડિયાએ હસ્તક્ષેપ ન કર્યો હોત, તો આ અંગો વચ્ચેની મિલીભગતથી સમગ્ર વ્યવસ્થામાં નાગરિકોનો વિશ્વાસ સંપૂર્ણપણે નાશ પામ્યો હોત. આઝાદીના ૮૦ વર્ષ પછી પણ, સિસ્ટમનું આટલું પતન જોવું ખૂબ જ શરમજનક છે.

મોડેલ-અભિનેત્રી ત્વિષા શર્માનું શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ થવાથી ઘણા પ્રશ્નો ઉભા થયા છે. ઉદાહરણ તરીકે, ૧૨ મેના રોજ તેમનું મૃત્યુ થયું હોવા છતાં, પોલીસે ૧૫ મે સુધી એફઆઈઆર પણ નોંધી ન હતી. ત્વિષાના સાસુ, ગિરિબાલા સિંહ, નિવૃત્ત ન્યાયાધીશ છે, અને તેમના પતિ, સમર્થ સિંહ, વકીલ છે. એફઆઈઆરમાં વિલંબ થયો હોવા છતાં, ગિરિબાલા સિંહને સરળતાથી આગોતરા જામીન મળ્યા જ નહીં પરંતુ તેમને ગુનાના સ્થળે જવાની મુક્ત ઍક્સેસ પણ આપવામાં આવી હતી.

એ સારું છે કે હાઈકોર્ટ દ્વારા તેમના જામીન ફગાવી દેવામાં આવ્યા હતા અને સીબીઆઈએ તેમની ધરપકડ કરી હતી, પરંતુ તે પહેલાં, તેમને પોતાની સુવિધા મુજબ તમામ પુરાવાઓની તપાસ કરવાની સ્વતંત્રતા હતી. તેમણે પોલીસ અને ન્યાયિક પ્રણાલીના વિવિધ અધિકારીઓ, જેમાં લોકાયુક્ત, ડીજી-રેન્કના પોલીસ અધિકારી અને જિલ્લા ન્યાયાધીશનો સમાવેશ થાય છે, ફોન પણ કર્યા હતા. ભાગ્યે જ બીજો કોઈ દાખલો હશે જ્યાં કોઈ ન્યાયાધીશે પુરાવા સાથે ચેડા કરવા માટે કેસમાં સંભવિત આરોપીને આટલી છૂટ આપી હોય. સમર્થ સિંહ પણ લગભગ દસ દિવસ સુધી ભૂગર્ભમાં રહ્યા. જ્યારે આ મુદ્દો મીડિયામાં ચર્ચામાં આવ્યો, ત્યારે મુખ્યમંત્રી ત્વિષાના પરિવાર સાથે મળવા સંમત થયા, અને કેસ તપાસ માટે સીબીઆઈને સોંપવામાં આવ્યો. જોકે, આ ફક્ત ૨૫ મે સુધીમાં શક્ય બન્યું. રાજ્યએ બીજા પોસ્ટમોર્ટમ માટે પણ સંમતિ આપી, પરંતુ મૃત્યુના ૧૨ દિવસ પછી ૨૪ મેના રોજ.

આ સમગ્ર કેસમાં પોલીસની શિથિલતા અને સાસુ-વહુને આપવામાં આવેલી આગોતરા જામીનથી સાસરિયાઓના ઘરમાં મહિલાઓ સામે થતી ક્રૂરતા અને દહેજ પ્રતિબંધ કાયદાની જટિલતાઓથી પરિચિત કોઈપણ વ્યક્તિના અંતરાત્માને આંચકો લાગવો જોઈએ. ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૧૭ (અગાઉ ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૧૩છ) સ્પષ્ટપણે જણાવે છે કે, "જ્યારે લગ્નના સાત વર્ષની અંદર કોઈ સ્ત્રીના આત્મહત્યા અંગે પ્રશ્ન ઊભો થાય છે કે શું તેણીની આત્મહત્યા તેના પતિ અથવા તેના કોઈપણ સંબંધી દ્વારા ઉશ્કેરણી અથવા ક્રૂરતાનું પરિણામ હતી, તો કોર્ટ, બધી પરિસ્થિતિઓને ધ્યાનમાં લીધા પછી, માની શકે છે કે આત્મહત્યા તેના પતિ અથવા તેના કોઈપણ સંબંધી દ્વારા ઉશ્કેરણીનું પરિણામ હતી." ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૧૮ વધુ સ્પષ્ટ અને અસરકારક છે. તે જણાવે છે કે, "જ્યારે પ્રશ્ન એ છે કે શું કોઈ વ્યક્તિએ દહેજ માટે સ્ત્રીની હત્યા કરી છે અને, તેના મૃત્યુ પહેલાં, આવી સ્ત્રીને દહેજની કોઈપણ માંગણી માટે અથવા તેના સંબંધમાં તે વ્યક્તિ દ્વારા ક્રૂરતા અથવા ઉત્પીડનનો ભોગ બનવું પડ્યું હતું, ત્યારે કોર્ટ એવું માનવા માટે બંધાયેલી રહેશે કે તે જ વ્યક્તિ દહેજ હત્યા માટે જવાબદાર છે."

દેશમાં દહેજ મૃત્યુની વધતી સંખ્યાને કારણે, સંસદે ૧૯૮૦ ના દાયકામાં કાયદામાં સુધારો કર્યો અને તેને વધુ કડક બનાવ્યો. નવા લાગુ કરાયેલા ભારતીય દંડ સંહિતાની કલમ ૮૫ માં પતિ અથવા પતિના સંબંધી માટે ત્રણ વર્ષ સુધીની કેદની જોગવાઈ છે જે સ્ત્રીને ક્રૂરતાનો ભોગ બનાવે છે. કલમ ૮૬ એ જ રીતે "ક્રૂરતા" ને વ્યાખ્યાયિત કરે છે. આ મુજબ, "ક્રૂરતા" નો અર્થ એ કોઈપણ ઈરાદાપૂર્વકનું વર્તન છે જે સ્ત્રીને આત્મહત્યા કરવા માટે પ્રેરિત કરે છે અથવા તેના જીવન, અંગો અથવા સ્વાસ્થ્ય (માનસિક કે શારીરિક) માટે ગંભીર ઈજા અથવા જોખમ ઊભું કરે છે, અને દહેજ માટે સ્ત્રીને હેરાન કરવાનો સમાવેશ થાય છે. જો કોઈ સ્ત્રી દહેજના ત્રાસને કારણે લગ્નના સાત વર્ષની અંદર શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ પામે છે, તો આવા કિસ્સાઓમાં ઓછામાં ઓછી સાત વર્ષની જેલની સજા છે, જે આજીવન કેદ સુધી વધી શકે છે. આ કિસ્સામાં, સાસુ, ગિરિબાલા સિંહે જાહેર નિવેદનો દ્વારા પોતાને શંકાસ્પદ તરીકે રજૂ કરી, ત્વિષા પર ડ્રગના દુરૂપયોગ, માનસિક બીમારીની સારવાર લેવાનો અને પરિવાર સાથે હળીમળીને રહેવામાં નિષ્ફળ રહેવાનો આરોપ લગાવ્યો.

૩૧ મે - વિશ્વ તમાકુ નિષેધ દિવસ

# ગુજરાતમાં વર્ષ ૨૦૨૫-૨૬માં "ટોબેકો સિસેશન સેન્ટર્સ" (Tobacco Cessation Centre) દ્વારા ૦૨ લાખથી વધુ તમાકુ સેવન કરનારનું કાઉન્સિલિંગ કરાયું

### સમગ્ર રાજ્યમાં એન્ફોર્સમેન્ટ સ્કવોડની ૧૦ હજારથી વધુ સરપ્રાઈઝ વિઝિટના પગલે શાળાઓમાં તમાકુ-સેવનમાં ઘટાડો





ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ટોબેકો સિસેશન સેન્ટર્સ' ના માધ્યમથી ૦૨ લાખથી વધુ તમાકુ સેવન કરનારા નાગરિકોનું કાઉન્સિલિંગ કરવામાં આવ્યું છે, તેમ આરોગ્ય વિભાગની યાદીમાં જણાવવામાં આવ્યું છે. આ યાદી અનુસાર આરોગ્ય વિભાગે ગુજરાતમાં **COTPA - Cigarettes and Other Tobacco Products Act of 2003** કાયદાના અમલ માટે ગંભીરતાપૂર્વક પ્રયાસો હાથ ધર્યા છે, જેના પગલે વર્ષ ૨૦૨૫-૨૬માં ૧૨,૪૯૦ શાળાઓને તમાકુ-મુક્ત બની શકી છે. રાજ્યમાં આરોગ્ય વિભાગ એન્ફોર્સમેન્ટ સ્કવોડની ૧૦,૪૪૧ સરપ્રાઈઝ વિઝિટના કારણે શાળાઓમાં તમાકુ-સેવનનું પ્રમાણ ઘટ્યું છે.

ગુજરાત સરકારે હવે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર્સ પર દરેક દર્દી માટે **3A (Ask, Advise, Assess)** મોડલ આધારિત તમાકુ સંદર્ભે સ્ક્રિનિંગ કરવામાં આવે છે. આ ઉપરાંત અમરેલી જિલ્લાના ગામડાઓ રાજ્યમાં ટોબેકો ફ્રી વિલેજ તરીકે મોડલ બન્યા છે. જ્યારે અમદાવાદમાં પિઅર કાઉન્સિલિંગ **(Peer Counselling)**ના પ્રયોગ સફળ રહ્યા છે.

**પાટણના શ્રી નરેશભાઈ પટેલે ૧,૦૦૦ થી વધુ લોકોને વ્યસનમુક્ત કર્યા**

પાટણ જિલ્લાના હારીજ તાલુકાના અડિયા ગામ ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં જુનિયર ફાર્માસિસ્ટ તરીકે ફરજ બજાવતા શ્રી નરેશભાઈ પટેલે આજ દિન સુધીમાં ૧૦૦૦ થી વધુ લોકોને વ્યસનમુક્ત બનાવ્યા છે. વર્ષ-૨૦૧૦માં તેમણે વ્યસનમુક્તિ અભિયાનનો આરંભ કર્યો હતો. તેમણે પુસ્તકો, ઓડિયો-વીડિયો અને સોશિયલ મીડિયાના માધ્યમથી લોકોને વ્યસનમુક્ત બનાવવાના પ્રયાસો કર્યા છે. આ સામાજિક સેવા બદલ તેમને મુખ્યમંત્રીશ્રી અને કલેક્ટરશ્રી સન્માનિત કરી ચૂક્યા છે.

શ્રી નરેશભાઈએ જણાવ્યું હતું કે, વ્યસનથી થતા શારીરિક અને આર્થિક નુકસાન અંગેની સમજણ સૌપ્રથમ તેમણે એક ગામના સરપંચને આપી હતી. આ પ્રેરણાથી પ્રેરાઈને થોડા સમય બાદ એ સરપંચે વ્યસન છોડી દીધું અને હોસ્પિટલના સમગ્ર સ્ટાફનું મોઢું મીઠું કરાવીને પોતાની 'વ્યસનમુક્તિ'ની ઉજવણી કરી હતી. આ સકારાત્મક પરિણામથી જ નરેશભાઈને આ નિઃશુલ્ક વ્યસનમુક્તિ અભિયાન શરૂ કરવાનો શ્રેષ્ઠ વિચાર આવ્યો હતો.

આજે શ્રી નરેશભાઈ કેન્દ્રમાં આવતા પ્રત્યેક દર્દીને ૧૦ મિનિટ ફાળવે છે અને તેમને સંકલ્પ-પત્ર ભરાવે છે. તેમ જ વ્યસન છોડવા માટે વ્યવહારુ અને મનોવૈજ્ઞાનિક ઉપાય સૂચવે છે. જે નીચે મુજબ છે.

- વ્યસની મિત્રોથી દુર રહેવું
- પાન-પાર્લરનો રસ્તો બદલી નાખવો
- તલપ લાગે ત્યારે પુષ્કળ પ્રમાણમાં પાણી પીવું
- મસાલા કે તમાકુની તીવ્ર ઈચ્છા થાય ત્યારે આદુના નાના ટુકડા (લીંબુ અને સિંધાલુણ ભેળવી) તેને મમળાવવા.

# રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ગાંધીનગર ખાતે '૪થી નેશનલ આર્મરેસલિંગ અને પેરા આર્મરેસલિંગ ચેમ્પિયનશિપ-૨૦૨૬'નો કરાયો પ્રારંભ

### ગુજરાત સહિત દેશનાં ૨૭ જેટલાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના આશરે ૨ હજારથી વધુ ખેલાડીઓ RRU કેમ્પસમાં બતાવશે પોતાનું કૌવત




પીપલ આર્મ રેસલિંગ ફેડરેશન ઈન્ડિયા-**PAFI**ના અધ્યક્ષા શ્રીમતી પ્રીતિ ઝાંગિયાની અધ્યક્ષતામાં '૪થી નેશનલ આર્મરેસલિંગ અને પેરા આર્મરેસલિંગ ચેમ્પિયનશિપ-૨૦૨૬'નું આજે રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આર્મ રેસલિંગ ફેડરેશન ઓફ ગુજરાત અને પીપલ્સ આર્મ રેસલિંગ ફેડરેશન ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ ચાર દિવસીય સ્પર્ધામાં ગુજરાત સહિત દેશનાં ૨૭ જેટલાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના આશરે બે હજારથી વધુ ખેલાડીઓએ ભાગ લઈ રહ્યા છે.

આ પ્રસંગે પીપલ આર્મ રેસલિંગ ફેડરેશન ઈન્ડિયાના અધ્યક્ષા શ્રીમતી પ્રીતિ ઝાંગિયાનીએ સ્પર્ધામાં ભાગ લેનાર વિવિધ રાજ્યો- કેન્દ્રશાસિત પ્રદેશોના તમામ ખેલાડીઓને ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે શુભેચ્છાઓ પાઠવીને તેમનો જુસ્સો વધાર્યો હતો. શ્રીમતી પ્રીતિએ આ સ્પર્ધાના સુંદર આયોજન બદલ **RRU** ના આયોજકોનો વિશેષ આભાર માન્યો હતો.

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. બિમલ એન. પટેલે વર્ચ્યુઅલ માધ્યમથી જોડાઈને ખેલાડીઓને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના રમતગમત સાંસ્કૃતિક વારસાને વધુ મજબૂત બનાવવાની સાથે શિસ્ત, ફિટનેસ તથા શ્રેષ્ઠતા દ્વારા મૂલ્યોને પુનર્જીવિત કરવાના વિઝનને સાકાર કરવા આ ચેમ્પિયનશિપ મહત્વની સાબિત થશે. વાઈસ ચાન્સેલરશ્રીએ વૈશ્વિક સ્તરે ભારતના વધી રહેલા રમતગમતના પ્રદર્શન પર આનંદ વ્યકત કરીને રમતગમતને રાષ્ટ્રીય વિકાસનો એક મજબૂત સ્તંભ ગણાવ્યો હતો.

અભિનેતા સુનીલ શેટ્ટીએ તેમના વિડીયો સંદેશ દ્વારા દેશભરના યુવાનોને રમતગમતમાં સક્રિયપણે ભાગ લેવા અને આવા રાષ્ટ્રીય પ્લેટફોર્મનો ભાગ બનવા માટે પ્રેરિત કર્યા હતા.

કેરળના ત્રિસુર ખાતે યોજાયેલી ત્રીજી રાષ્ટ્રીય ચેમ્પિયનશિપમાં ૨૫ રાજ્યોના ૧,૭૦૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો, જેની સરખામણીએ અત્યારે **RRU** ખાતે યોજાઈ રહેલી આ ચોથી આવૃત્તિમાં ૨૭ રાજ્યોના ૨,૦૦૦ થી વધુ ખેલાડીઓની ભાગીદારી આ રમતના અભૂતપૂર્વ વિકાસને દર્શાવે છે.

ઉલ્લેખનીય છે કે, વર્ષ-૨૦૨૯માં અમદાવાદ-ગુજરાતમાં યોજાનારી 'વર્લ્ડ પોલીસ અને ફાયર ગેમ્સ'ની વિવિધ ૮ જેટલી રમતો **RRU** ખાતે યોજાવાની છે, જે માટેનું જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ તૈયાર કરવામાં આવ્યું છે. યુનિવર્સિટીની આ સક્રિય ભૂમિકાને ધ્યાનમાં રાખીને તથા રાષ્ટ્રીય અને વૈશ્વિક રમતગમત ઈકોસિસ્ટમમાં ગુજરાતના વધતા યોગદાનને વેગ આપવાના હેતુથી આ સ્પર્ધાનું આયોજન કરાયું છે. આ આયોજન પાછળ ૨૦૩૬ની ઓલિમ્પિક રમતોના યજમાનપદ માટે અમદાવાદ-ગુજરાતની મજબૂત દાવેદારી માટેનું વિઝન પણ જોડાયેલું છે.

આ પ્રસંગે બાયડના ધારાસભ્ય શ્રી ધવલસિંહ ઝાલા, પ્રો-પંજા લીગના માલિક શ્રી પ્રવીણ દબાસ, ઈઈના પ્રો-વાઈસ ચાન્સેલર ડૉ. કલ્પેશ વાંદરા, રજિસ્ટ્રાર શ્રી ધર્મેશ પ્રજાપતિ, સ્કૂલ ઓફ ફિઝિકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સના ડાયરેક્ટર શ્રી યશ શર્મા, સ્પોર્ટ્સ ટ્રેનિંગ ઓફિસર શ્રી કલ્પેશ શર્મા, આર્મ રેસ્લિંગ એસોસિએશન ઑફ ગુજરાતના મંત્રી શ્રી રાજેન્દ્ર પરમાર, આર્મરેસલિંગ એસોસિએશન ઓફ ગુજરાતના હોદ્દેદારો અને પ્રતિનિધિઓ સહિત મોટી સંખ્યામાં વિવિધ રાજ્યોના સ્પર્ધકો ઉપસ્થિત રહ્યા હતા.

- જીગર બારોટ

આમ આદમી પાર્ટીને ૯૫૮ સીટો મળી

# પંજાબમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામ જાહેર થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)ચંદીગઢ

પશ્ચિમ બંગાળમાં ઐતિહાસિક જીત બાદ હવે ભાજપની નજર આગામી વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણી પર છે. તે પહેલા પંજાબમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપે ખેલ કર્યો છે. આ વખતે ચૂંટણીમાં જ્યાં આમ આદમી પાર્ટીને ૯૫૮ સીટો મળી છે, તો ભાજપે ૧૭૨ સીટો પર જીત મેળવી છે. ભાજપની આ જીત વર્ષ ૨૦૨૧ કરતા વધુ મોટી છે. પંજાબમાં ૧૯૭૭ વોર્ડ પર ચૂંટણી પરિણામની જાહેરાત થઈ ગઈ છે. તેમાં આમ આદમી પાર્ટીએ ૯૫૮ સીટો પર જીત હાસિલ કરી છે. તો કોંગ્રેસ ૩૯૭ સીટો જીતી બીજી મોટી પાર્ટી બની છે. શિરોમણિ અકાલી દળે ૧૭૮ સીટો પર જીત મેળવી છે. આ સિવાય ભાજપને ૧૭૨ સીટો પર જીત મળી છે. અપક્ષ ઉમેદવારાના ખાતામાં ૨૫૧ સીટો ગઈ છે. જો આપણે ૨૦૨૧ની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની વાત કરીએ તો તે સમયે કોંગ્રેસને ૧૪૩૨ સીટો પર જીત મળી હતી. આ સિવાય શિરોમણિ અકાલી દળને ૨૮૪ સીટો મળી હતી. આ સિવાય આમ આદમી પાર્ટીને ૬૯ અને ભાજપને ૫૯ બેઠકો મળી હતી, જ્યારે ૩૬૪ સીટો પર અપક્ષ ઉમેદવારોએ બાજી મારી હતી.જ્યારે ૨૦૧૫ની ચૂંટણીમાં શિરોમણિ અકાલી દળને ૧૦૬૦ સીટો મળી હતી અને ભાજપને ૩૬૦ બેઠકો મળી હતી.

આ સિવાય કોંગ્રેસને ૩૫૬ સીટો પર સફળતા મળી હતી અને ૪૦૦થી વધુ અપક્ષ ઉમેદવારો જીત્યા હતા. તે સમયે શિરોમણિ અકાલી દળ અને ભાજપનું મજબૂત ગઠબંધન હતું. પરંતુ બાદમાં આ ગઠબંધન તૂટી ગયું હતું.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં શાનદાર જીત બાદ સીએમ ભગવંત માને કહ્યુ કે પંજાબની જનતાએ ફરી સરકારના કામો પર પોતાની મહોર લગાવી છે. વિધાનસભા, લોકસભા, પંચાયતી ચૂંટણી અને હવે મ્યુનિસિપલ કોર્પોરેશન અને નગર પંચાયત ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ મોટી જીત મેળવી છે, અમારા ઉમેદવારોએ ૯૦ ટકાથી વધુ મ્યુનિસિપલ કાઉન્સિલ જીતી છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

રાજ્ય-જિલ્લા અને તાલુકા સ્વાગતમાં સમગ્રતયા ૪૦૨૦ અરજદારોની રજૂઆતો અંગે સંબંધિત વિભાગોને જરૂરી કાર્યવાહી માટે મોકલવામાં આવી

# રાજ્ય સ્વાગત અંતર્ગત આવતી રજૂઆતોનો સમય મર્યાદામાં ન્યાયિક અને સરળ રીતે નિરાકરણ લાવીને પ્રજાનો સરકાર પ્રત્યેનો વિશ્વાસ વધુ સંગીન થાય તેવી કામગીરી માટે જિલ્લા તંત્રને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સ્પષ્ટ દિશા નિર્દેશ

### મુખ્યમંત્રીશ્રીએ મે-૨૦૨૬ મહિનાના રાજ્યકક્ષાના સ્વાગત ઓનલાઈન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં રજૂઆતો લઈને આવેલા ખેડૂતો અને સામાન્ય માનવીઓની રજૂઆતો સંવેદનાપૂર્વક સાંભળીને ત્વરિત નિવારણની સૂચનાઓ આપી




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સ્વાગત અંતર્ગત આવતી રજૂઆતોનો સમય મર્યાદામાં ન્યાયિક અને સરળ રીતે નિરાકરણ લાવીને પ્રજાનો સરકાર પ્રત્યેનો વિશ્વાસ વધુ સંગીન થાય તેવી કામગીરીના જિલ્લા તંત્રને દિશા નિર્દેશ આપ્યા છે.

આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટ પણે જણાવ્યું કે, જો કોઈપણ રજૂઆત કર્તાનું કામ નિયમાનુસાર થવા પાત્ર હોય તો તાત્કાલિક તે પૂરું કરી આપવું જોઈએ.

એટલું જ નહીં જો નિયમ મુજબ કામ થઈ શકે તેમ ન જ હોય તો સંબંધકર્તા વ્યક્તિને વારંવાર કચેરીના ધક્કા ખવડાવવાને બદલે તાત્કાલિક અને સ્પષ્ટ જવાબ પાઠવી દેવો જોઈએ.

મુખ્યમંત્રીશ્રીએ મે-૨૦૨૬ મહિનાના રાજ્યકક્ષાના સ્વાગત ઓનલાઈન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં પ્રત્યક્ષ રજૂઆતો લઈને આવેલા સામાન્ય માનવીઓની રજૂઆતો સંવેદના પૂર્વક સાંભળી હતી.

સામાન્યતઃ દર મહિનાના ચોથા ગુરુવારે યોજવામાં આવતો આ રાજ્યસ્વાગત આ વખતે મે મહિનાના ચોથા ગુરુવારે જાહેર રજાને પરિણામે શનિવારે યોજાવામાં આવ્યો હતો.

આ રાજ્ય સ્વાગતમાં ૨૧૫થી વધુ અરજદારો પોતાની રજૂઆતો સાથે મુખ્યમંત્રી કાર્યાલયના જનસંપર્ક એકમમાં ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા સ્વાગતમાં ૧૫૩૧ અને તાલુકા સ્વાગતમાં ૨૨૭૪ સહિત સમગ્રતયા ૪૦૨૦ અરજદારોની રજૂઆતો અંગે સંબંધિત વિભાગને જરૂરી કાર્યવાહી માટે મોકલવામાં આવી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ આ રાજ્ય સ્વાગતમાં જુનાગઢ, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લાના ખેડૂતોએ તેમના ખેતરોમાં જવા-આવવાના રસ્તા પર થયેલા ગેરકાયદે અને બિન અધિકૃત દબાણ અંગે રજૂઆત કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ધરતીપુત્રોની રજૂઆત અંગે સંબંધિત જિલ્લા વહીવટી તંત્રને સુચના આપીને જાહેર રસ્તાઓ પરના આવા દબાણો ન થાય અને ખેડૂતો પોતાના ખેતીના સાધનો તથા ખેતપેદાશો સરળતાથી લઈ જઈ શકે તે માટે રસ્તા ખુલ્લા રહે તે સુનિશ્ચિત કરવા તાકિદ કરી હતી.

તેમણે જાહેર રસ્તાઓ પર દબાણ કરતાં અસામાજિક તત્વો સામે કડકાઈથી કામ લઈને ખેડૂતોને સલામતીનો અહેસાસ કરાવવા પોલીસ તંત્રને પણ સુચના આપી હતી.

બોટાદ જિલ્લાના એક અરજદારની ખેતીની જમીનમાં હયાતીમાં હક દાખલ કરવા અને હક્ક કમીની નોંધ પ્રમાણિત કરવા સંબંધિત મુદ્દે અગાઉ થયેલી વહીવટી ભૂલને કારણે અરજદારને સ્ટેમ્પ ડ્યુટીનો બોજ ન પડે તે માટે લોકાભિમુખ અભિગમ દાખવવા મુખ્યમંત્રીશ્રીએ જિલ્લા વહીવટી તંત્રને યોગ્ય કાર્યવાહી કરવાની સ્વરિત સૂચના આપી હતી.

અમદાવાદ જિલ્લાના ખેડૂતો દ્વારા રિ-સર્વે બાદ ૭/૧૨નું પાનિયું બંધ થઈ જવાની રજૂઆત અંગે મુખ્યમંત્રીશ્રીએ જિલ્લા કલેક્ટરને તાત્કાલિક કાર્યવાહી કરવા તેમજ રિ-સર્વે નંબરમાં ચૂકથી પડેલી નોંધના સુધારા માટે પણ જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી. પાનિયું જનરેટ કરવા માટેનો હુકમ કરી દેવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ આવા નાના પ્રશ્નોનું નિરાકરણ સ્થાનિક કક્ષાએ જ ઝડપથી લાવવા સૌ જિલ્લા અધિકારીઓને તાકીદ કરી હતી.

વડોદરા જિલ્લાના એક અરજદારે ગામતળના વાડાની પ્રમાણિત નકલ અને માપણી અંગે રજૂઆત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સરકારની કચેરીમાં રેકોર્ડ ઉપલબ્ધ ન હોય પરંતુ અરજદાર પાસે પ્રમાણિત નકલ હોય તો તેની યોગ્ય ચકાસણી કરી તેને માન્ય ગણી નિયમ મુજબ કાર્યવાહી થવી જોઈએ. આ અંગે તેમણે જિલ્લા કલેક્ટરને જરૂરી સૂચનાઓ આપી હતી.

અરવલ્લી જિલ્લાના એક ગામનો નગરપાલિકામાં સમાવેશ થયા બાદ વિકાસ યોજના મંજૂર ન થવાને કારણે રહેણાંક બાંધકામની રજા ચિઠ્ઠી આપવામાં વિલંબ થતો હોવાની રજૂઆત મળતા મુખ્યમંત્રીશ્રીએ નગરપાલિકાને જરૂરી કાર્યવાહી બાદ બાંધકામ રજાચિઠ્ઠી અંગેની પ્રક્રિયા તાત્કાલિક શરૂ કરવાની સૂચનાઓ આપી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સ્વાગતમાં આવેલી બધી જ રજૂઆતોમાં જનહિતકારી સંવેદના દાખવીને ઝડપી નિવારણ અંગેનો અભિગમ દર્શાવી પ્રો-પીપલ ગવર્નન્સની અનુભૂતિ કરાવી હતી.

આ રાજ્ય સ્વાગતમાં મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, અધિક અગ્ર સચિવ શ્રી ડૉ. વિક્રાંત પાંડે, સચિવ શ્રી ડૉ. અજય કુમાર તેમજ ખાસ ફરજ પરના અધિકારીઓ શ્રી ધીરજ પારેખ અને રાકેશ વ્યાસ તથા સબંધિત વિભાગોના વરિષ્ઠ સચિવો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી સમગ્ર આવેલી આવેલી રજૂઆતો સંદર્ભમાં સંબંધિત જિલ્લા કલેકટરો અને તંત્ર વાહકો વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા અને પુરક વિગતો તેમજ માહિતી પૂરી પાડી હતી.

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# સુઈગામ ખાતે યોજાયેલા રાજય કક્ષાના મંત્રી સ્વરૂપજી ઠાકોરના જનતા દરબારમાં પાણીના મુદે હોબાળો થતા મંત્રીએ જનતા દરબાર જલ્દી આટોપી લેવાનુ કહેતા થયો હોબાળો

પ્રતિનિધિ,ગાંધીનગર

વાવ-થરાદના સુઈગામ ખાતે રાજય કક્ષાના મંત્રી સ્વરૂપજી ઠાકોરની ઉપસ્થિતિમાં યોજાયેલા જનતા દરબાર કાર્યક્રમ દરમિયાન પાણીનો પ્રશ્ન સૌથી ગંભીર મુદ્દા તરીકે બહાર આવ્યો હતો. મતવિસ્તારના વિવિધ ગામડાઓમાંથી મોટી સંખ્યામાં આવેલા ગ્રામજનોએ પીવાના પાણીની અછત, અનિયમિત પાણી પુરવઠો, જુની પાઈપ લાઈનો તથા પ્રિ-મોનસુન કામગીરીના અભાવ અંગે ઉગ્ર રજુઆતો કરી હતી. કાર્યક્રમ દરમિયાન અનેક લોકો પાણીની




સમસ્યાને લઈને મંત્રી સમક્ષ પોતાની વ્યથા વ્યકત કરતા જોવા મળ્યા હતા. કેટલાક ગામડાઓમાં પાણીની વિકટ સ્થિતિને કારણે લોકોમાં ભારે રોષ અને અસંતોષ પણ જોવા મળ્યો હતો.

પાણીના પ્રશ્નોને લઈને રજુઆત દરમિયાન મંત્રી સમક્ષ હોબાળો કરતા સ્થિતિ સર્જાઈ હોવાનુ સ્થળ પર ઉપસ્થિત લોકોએ જણાવ્યુ હતું.

ઘટનાક્રમ દરમિયાન સમગ્ર દ્રશ્યો કેમેરામાં કેદ ન થાય અને મીડીયા કવરેજ ન કરે તે પ્રમાણે મંત્રી દ્વારા સુચનો આપવામાં આવ્યા હોવાનુ ચર્ચાનુ કેન્દ્ર બન્યુ હતું. વિડીયો ઉતારવાની મનાઈ ફરમાવવામાં આવતા કાર્યક્રમ સ્થળે વિવિધ પ્રકારની ચર્ચાઓએ ભારે જોર પકડયુ હતું.

પ્રજાના પ્રશ્નોના નિરાકરણ માટે યોજાયેલા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતા સ્થળ પર ભારે ભીડ અને ગરમીનો માહોલ સર્જાયો હતો. ઉપસ્થિત લોકોના જણાવ્યા મુજબ મંત્રીએ વધારે લોકો હોવાથી કંટાળી ગરમી થાય છે તેવુ કહી રજુઆતો ઝડપથી પૂર્ણ કરો તેવી ટકોર કરતા કેટલાક લોકોમાં અસંતોષ જોવા મળ્યો હતો. એસી રૂમમાં યોજાયેલા કાર્યક્રમ દરમિયાન પણ ભીડ ઘટાડવા માટે લોકોને બહાર જવાનુ કહેવામાં આવતા સ્થાનિકોમાં નારાજગી ફેલાઈ હતી. જનતા દરબાર દરમિયાન પાણીનો પ્રશ્ન મુખ્ય મુદ્દો બની રહ્યો હતો અને ગ્રામજનોએ તાત્કાલીક ઉકેલ લાવવાની માંગ કરી હતી. સમગ્ર ઘટનાક્રમે સ્થાનિક રાજકીય માહોલમાં ચર્ચાઓને વેગ મળ્યો હતો. તેમજ લોકોમાં સ્થાનિક ધારાસભ્ય અને મંત્રી પ્રત્યે કચવાટની લાગણી પણ જોવા મળી હતી.

# વેરાવળ—રાજકોટ લોકલ ટ્રેનોમાં તાત્કાલિક ધોરણે ૨ વધારાના જનરલ કોચ લગાવવામાં આવશે

યાત્રિયોની સુવિધા તથા વધતી મુસાફર સંખ્યાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ વેરાવળ—રાજકોટ અને રાજકોટ—વેરાવળ લોકલ ટ્રેનોમાં તાત્કાલિક ધોરણે વધારાના જનરલ કોચ લગાવવાનો નિર્ણય કર્યો છે.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર વધારાના કોચોની વિગતો નીચે મુજબ છે:

- ટ્રેન નંબર ૫૯૪૨૧ રાજકોટ—વેરાવળ લોકલમાં તા. ૦૨ જૂન ૨૦૨૬થી ૦૧ ઓગસ્ટ ૨૦૨૬ સુધી ૨ વધારાના જનરલ કોચ લગાવવામાં આવશે.
- ટ્રેન નંબર ૫૯૪૨૨ વેરાવળ—રાજકોટ લોકલમાં તા. ૦૩ જૂન ૨૦૨૬થી ૦૨ ઓગસ્ટ ૨૦૨૬ સુધી ૨ વધારાના જનરલ કોચ લગાવવામાં આવશે.

ભાવનગરના મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ જણાવ્યું કે આ વ્યવસ્થા અમલમાં આવ્યા બાદ આ ટ્રેનોમાં હાલના ૦૯ જનરલ કોચોની જગ્યાએ કુલ ૧૧ જનરલ કોચ ઉપલબ્ધ રહેશે, જેના કારણે મુસાફરોને મુસાફરીમાં વધુ સુવિધા મળશે. આ નિર્ણયથી લાંબા સમયથી બાકી રહેલી મુસાફરોની માંગ પૂર્ણ થઈ છે.

પશ્ચિમ રેલવે યાત્રિયોને વધુ સારી, સુરક્ષિત અને સુવિધાજનક મુસાફરીનો અનુભવ મળે તે માટે સતત પ્રયત્નશીલ છે.

મુસાફરો ટ્રેનોના સંચાલન અને અન્ય વિગતવાર માહિતી માટે ભારતીય રેલવેની અધિકૃત વેબસાઈટ www.enquiry. indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# રાજકોટમાં તાલુકા આરોગ્ય અધિકારી ના કલાર્ક દ્વારા રૂ.૧૬.૫૯ લાખનું કૌભાંડ




પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટ શહેરમાં શ્રોફ રોડ ઉપર કલેકટર ઓફિસ પાસે તાલુકા હેલ્થ ઓફિસના આઉટ સોર્સિંગ કલાર્કે નિવૃત્ત અને બદલી પામેલા કર્મચારીના નામે ખોટા બીલો બનાવી ૧૬.૫૯ લાખ રૂપીયા ઉપાડી લઈ કૌભાંડ આચર્યાનુ બહાર આવતા ચકચાર મચી જવા પામી છે.

ઓડિટ દ્વારા તપાસ કરતા કલાર્કનો ભાંડો ફુટી જતા પ્રતાપનગર પોલીસમાં ફરીયાદ કરતા પોલીસે ગુન્હો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી છે.

રાજકોટ તાલુકા હેલ્થ ઓફિસ ખાતે ફરજ બજાવતા આઉટસોર્સિંગ જુનીયર કલાર્ક પરેશભાઈ ચમનભાઈ ચૌહાણ વિરૂધ્ધ લાખો રૂપીયાની સરકારી રકમની ઉચાપત કરી હતી. જેમાં વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ ના નાણાંકીય વર્ષ દરમિયાન કચેરીના લોકલ ફંડનુ ઓડિટ કરવામાં આવતા આ સમગ્ર કૌભાંડ બહાર આવ્યુ હતું. ઓડિટ દરમિયાન જાણવા મળ્યુ હતુ કે આરોપી પરેશ ચૌહાણે પોતાના હોદ્દાનો દુરુપયોગ કરીને અન્ય કર્મચારીઓના હક્કના તેમજ સરકારી નાણાં ખોટી રીતે પોતાના અંગત બેંક ખાતામાં જમા કરાવી દીધા હતા. આ ગંભીર ગેરરીતી બહાર આવતા જિલ્લા વિકાસ અધિકારીએ એક ખાસ સમિતિ ની રચના કરી હતી. જેની તપાસમાં એમ જે સોલંકી નામની એજન્સી મારફતે કરાર આધારીત આઉટ સોર્સિંગ કર્મચારી તરીકે જુનીયર કલાર્ક તરીકે ફરજ બજાવતો અને બાબરા રહેતો પરેશ ચમનભાઈ ચૌહાણે કચેરીના સત્તાવાર દસ્તાવેજો અને કર્મચારીઓના પગારના બીલોમાં ચેડા કરીને સરકારી નાણાં પોતાના તેના બેંક ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા.

જેમાં બદલી થયેલા અને નિવૃત્ત કર્મચારીઓના નામે વિવિધ ૧૬ થી વધુ કિસ્સાઓમાં બોગસ ખોટા બીલો બનાવી રૂપીયા ૧૬.૫૯ લાખ ની રોકડ ઉપાડી લઈ સરકારી નાણાંકીય ઉચાપત કરી હતી અને પીએચસી સેન્ટરોના જુદા જુદા કર્મચારીઓ જેવા કે સીએમ મકવાણા, ડી બી રૂપારેલીયા, એસ ડી ગૌસ્વામી તેમજ અન્ય ડોકટરો અને સ્ટાફના મંજુર થયેલા બીલોની રકમમાં વધારો બતાવી, વાસ્તવિક કર્મચારીઓને ચુકવણી કરવાના બદલે પોતાના ખાતામાં નાણાં જમા કરાવી દીધા હતા. એટલુ જ નહી જે કર્મચારીઓની બદલી થઈ ગઈ હોય અથવા જેઓ નિવૃત્ત થઈ ગયા હોય તેવા સ્ટાફના નામે પણ પગાર અને એરીયર્સના બોગસ વાઉચરો અને બીલો બનાવીને સરકારી તીજોરીને મોટુ નુકશાન પહોચાડવામાં આવ્યુ હતું. બનાવને પગલે પીઆઈ મકવાણા સહિતની ટીમે તાલુકા હેલ્થ ઓફિસર અને ઈન્ચાર્જ વહિવટી કમ હિસાબી અધિકારી ડોકટર જયેશભાઈ ગીરધરભાઈ પોપટ ની ફરીયાદ ઉપરથી ગુન્હો દાખલ કરી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

# પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ—પટના સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરા વિસ્તૃત

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા તથા વધારાની ભીડને ધ્યાનમાં રાખીને અમદાવાદ—પટના સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરા વિસ્તૃત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેન નું વિવરણ નીચે મુજબ છે:

- ટ્રેન નં. ૦૯૪૪૭ અમદાવાદ – પટના સાપ્તાહિક સ્પેશિયલ, જે અગાઉ ૨૭ મે, ૨૦૨૬ સુધી સૂચિત કરવામાં આવી હતી, તેને હવે વધારીને ૦૩ જૂન, ૨૦૨૬ સુધી વિસ્તૃત કરવામાં આવી છે.
- ટ્રેન નં. ૦૯૪૪૮ પટના – અમદાવાદ સાપ્તાહિક સ્પેશિયલ, જે અગાઉ ૨૯ મે, ૨૦૨૬ સુધી સૂચિત કરવામાં આવી હતી, તેને હવે વધારીને ૦૫ જૂન, ૨૦૨૬ સુધી વિસ્તૃત કરવામાં આવી છે.

ટ્રેન સંખ્યા ૦૯૪૪૭ના વિસ્તૃત ફેરાઓ માટે બુકિંગ ૩૧-૦૫-૨૦૨૬ થી તમામ પીઆરએસ કાઉન્ટરો તથા IRCTC Rail Connect એપ/ વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, રચના તથા સમય અંગે વધુ માહિતી માટે મુસાફરો કૃપા કરીને www. enquiry. indianrail. gov પર મુલાકાત લઈ શકે છે.

# જોધપુર મંડળના સમદડી-લૂણી રેલવે સેક્શનમાં RUB બાંધકામ માટે બ્લૉકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત

ઉત્તર પશ્ચિમ રેલવેના જોધપુર મંડળમાં સમદડી-લૂણી રેલવે સેક્શનમાં દૂદિયા-દુંદાડા સ્ટેશનો વચ્ચે RUB બાંધકામ માટે બ્લૉક લેવામાં આવી રહ્યો છે. આ બ્લૉકને લીધે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. વિગતો નીચે પ્રમાણે છે :

★આંશિક રદ ટ્રેન

- ૩૧ મે અને ૦૭ જૂન ૨૦૨૬ ના રોજ ટ્રેન નંબર ૧૪૮૯૩ ભગત કી કોઠી-પાલનપુર એક્સપ્રેસ ભગત કી કોઠી-સમદડી વચ્ચે આંશિકરૂપે રદ રહેશે તથા આ ટ્રેન ફક્ત સમદડીથી પાલનપુર વચ્ચે સંચાલિત કરવામાં આવશે.

★માર્ગ પરિવર્તિત ટ્રેનો

- ૩૧ મે અને ૦૭ જૂન ૨૦૨૬ ના રોજ ટ્રેન નંબર ૨૦૪૮૬ સાબરમતી-જેસલમેર એક્સપ્રેસ પોતાના નિર્ધારીત માર્ગ મહેસાણા-ભીલડી-લૂણીને બદલે પરિવર્તિત માર્ગ મહેસાણા-મારવાડ જંક્શન-લૂણીના રસ્તે ચાલશે.

આ દરમિયાન આ ટ્રેન ઊંઝા, સિદ્ધપુર, પાલનપુર, આબૂ રોડ, પિંડવાડા, સુમેરપુર જવાઈ બાંધ, ફાલના, રાની, મારવાડ જંક્શન અને પાલી મારવાડ સ્ટેશનો પર રોકાશે.

- ૩૧ મે અને ૦૭ જૂન ૨૦૨૬ ના રોજ ૨૦૪૮૫ જેસલમેર-સાબરમતી એક્સપ્રેસ પોતાના નિર્ધારીત માર્ગ લૂણી-ભીલડી-મહેસાણાને બદલે પરિવર્તિત માર્ગ લૂણી-મારવાડ જંક્શન-મહેસાણાના રસ્તે ચાલશે.


આ દરમિયાન આ ટ્રેન પાલી મારવાડ, મારવાડ જંક્શન, રાની, ફાલના, સુમેરપુર જવાઈ બાંધ, પિંડવાડા, આબૂ રોડ, પાલનપુર, સિદ્ધપુર અને ઊંઝા સ્ટેશનો પર રોકાશે. યાત્રીઓને વિનંતી કરવામાં આવે છે કે ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને યાત્રા આરંભ કરે. ટ્રેનોના સ્ટોપેજ, સંરચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www.enquiry. indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# જયોર્જિયામાં ગુમ થયેલા અમદાવાદના મેડીકલ વિદ્યાર્થી ધ્વનિત રાજદીપનો મૃતદેહ મળી આવ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

વિદેશમાં ઉચ્ચ તબીબી (મેડીકલ) અભ્યાસ અર્થે ગયેલા વધુ એક ગુજરાતી વિદ્યાર્થીના મોતના અત્યંત દુ:ખદ અને આઘાતજનક સમાચારો પરીવારજનોને મળતા રોકકળ દ્રશ્યો સર્જાયા હતા. યુરોપના જયોર્જિયા દેશમાં છેલ્લા ૧૬ દિવસથી રહસ્યમય સંજોગોમાં ગુમ થયેલા અમદાવાદના તેજસ્વી વિદ્યાર્થી ધ્વનિત રાજદીપનો મૃતદેહ ત્યાંની એક નદીમાંથી મળી આવતા પરીવાર પર આભ તુટી પડયુ છે. ગઈ તારીખ ૧૪ મે થી ગુમ થયેલા ધ્વનિતનો મૃતદેહ મળતા જ સ્થાનિક પ્રશાસન અને પોલીસે આ મામલે સઘન તપાસ હાથ ધરી છે.

મળેલી માહિતી મુજબ અમદાવાદના નિકોલ વિસ્તારનો રહેવાસી ૨૨ વર્ષીય ધ્વનિત રાજદીપ જયોર્જિયામાં ડોકટર બનવાનુ સપનુ લઈને તબીબી અભ્યાસ માટે પહોચી ગયો હતો. ગઈ તારીખ ૧૪ મે ૨૦૨૬ ના રોજ તે અચાનક પોતાની હોસ્ટેલ અથવા રૂમ પરથી ગુમ થઈ ગયો હતો, ધ્વનિતનો સંપર્ક ન થતા અમદાવાદમાં રહેતા તેના ચિંતાતુર પરીવારે સોશીયલ મીડીયા પર ઝુંબેશ ચલાવી હતી અને સાથે જ ભારતના કેન્દ્રીય વિદેશ મંત્રાલય સમક્ષ તેને



શોધવા માટે મદદની ગુહાર લગાવી હતી. ધ્વનિતના ગુમ થવા પાછળ તેના પરીવાર દ્વારા ગંભીર આશંકાઓ વ્યકત કરવામાં આવી હતી. પરીવારનો આરોપ હતો કે ધ્વનિતને ત્યાંના સ્થાનિક મકાન માલીક સાથે કોઈ મોટો વિવાદ ચાલી રહ્યો હતો, મકાન માલીક દ્વારા અવાર નવાર કરવામાં આવતી બોલાચાલી અને માનસિક ત્રાસના કારણે જ ધ્વનિત સાથે કોઈ મોટી અનહોની થઈ હોવાની આશંકા પરીવારે પહેલેથી જ વ્યકત કરી હતી. જે આખરે સાચી સાબિત થઈ છે.

જયોર્જિયા પોલીસને સ્થાનિક સ્તરે સર્ચ ઓપરેશન દરમિયાન એક નદીના પટમાંથી ધ્વનિતનો મૃતદેહ મળી આવ્યો હતો, પોલીસે લાશનો કબ્જો મેળવીને તેને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યો હતો. જયોર્જિયા પોલીસ હવે આ કેસમાં તમામ પાસાઓ પર તપાસ કરી રહી છે કે આ આત્મહત્યા છે, કોઈ અકસ્માત છે કે પછી મકાન માલીક સાથેના વિવાદમાં ઘડાયેલી કોઈ સાઝીશ અથવા હત્યા છે, પોસ્ટમોર્ટમ રીપોર્ટ આવ્યા બાદ જ આ રહસ્ય પરથી પડદો ઉચકાશે. લોહીના આંસુએ રડી રહેલા પરીવારે ભારત સરકાર અને વિદેશ મંત્રાલયને આક્રંદ સાથે વિનંતી કરી છે કે ધ્વનિતના પાર્થિવ દેહને વહેલી તકે ભારત લાવવાની રાજદ્વારી વ્યવસ્થા કરવામાં આવે, આ સાથે જ માસુમ પુત્રના મોતના સાચા કારણો બહાર આવે અને તેને ન્યાય મળે તે માટે જયોર્જિયા પ્રશાસન પર દબાણ લાવવામાં આવે તેવી માંગ પણ કરવામાં આવી છે. નિકોલના આ આશાસ્પદ યુવાનના અવસાનથી સ્થાનિક વિસ્તારમાં પણ ભારે શોક વ્યાપી ઉઠયો છે.

# ગુજરાત પોલીસ વેલ્ફેર ફંડના નિયમોમાં સુધારો : હવે મળશે વધારે લાભ: ૨ થી વધારે સંતાનો ધરાવતા પોલીસ કર્મીઓને મળશે લાભ

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાત રાજયના પોલીસ વિભાગમાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓ માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને રાહતના સમાચાર સરકારે આપ્યા છે. પોલીસ મહાનિર્દેષક અને મુખ્ય પોલીસ અધિકારીની અધ્યક્ષતામાં આયોજીત મધ્યસ્થ પોલીસ વેલ્ફેર ફંડ મોનીટરીંગ કમિટીની બેઠકમાં અનેક કલ્યાણકારી સુધારાઓની લીલીઝંડી આપવામાં આવી છે.

આ નિર્ણયથી રાજયના હજારો પોલીસ કર્મચારીઓના પરીવારોને સીધો આર્થિક અને સામાજિક લાભ પ્રાપ્ત થશે. નવા નિર્ણય મુજબ હવે જે પણ પોલીસ કર્મચારી બે થી વધુ સંતાનો ધરાવતો હશે, તેવા કર્મચારી કે અધિકારીને પણ વેલ્ફેર ફંડના તમામ લાભો માટે પાત્ર ગણવામાં આવશે. તેઓનો પણ હવે વેલ્ફેર ફાળો કાપીને તમામ પ્રકારની આર્થિક સહાય અને લોન મેળવી શકશે, પોલીસ પરીવારના સંતાનોના ઉજજવળ ભવિષ્ય માટે શિક્ષણ લોનની મર્યાદામાં પણ વધારો કરવામાં આવ્યો છે. ભારતમાં ઉચ્ચ અભ્યાસ માટે દેશમાં જ માન્યતા પ્રાપ્ત રાષ્ટ્રીય કે યુનિર્વસિટી કે કોલેજોમાં અભ્યાસ માટે રૂપીયા ૧૦ લાખની લોન મળશે, વિદેશમાં અભ્યાસ માટે વિદેશમાં જઈને ભણવા ઈચ્છતા પોલીસ કર્મીઓના સંતાનો માટે રૂપીયા ૧૫ લાખની લોન મંજુર કરાશે, બજેટ ડબલ કરાયુ છે, ઉચ્ચ અભ્યાસ લોન માટેની વાર્ષિક મર્યાદા રૂપીયા ૫ કરોડથી વધારીને રૂપીયા ૧૦ કરોડ કરવામાં આવી છે.

વર્તમાન સમયમાં વધતી જતી મોંઘવારી અને લગ્નના ખર્ચાને ધ્યાનમાં રાખીને કમિટીએ આ ક્ષેત્રે પણ મોટો વધારો કર્યો છે. જયાં અત્યાર સુધી પોલીસ કર્મચારીઓને પોતાના કે સંતાનોના લગ્ન પ્રસંગે માત્ર રૂપીયા ૧.૫૦ લાખ સુધીની લોન મળતી હતી, જેની મર્યાદા હવે વધારીને રૂપીયા ૫ લાખ કરવામાં આવી છે. પોલીસ કર્મચારીઓ રાત-દિવસની સખત ડયુટી બજાવતા હોય છે, તેને ધ્યાને લેતા કમિટીએ સ્વાસ્થ્ય ને પ્રાથમિકતા આપવાનો નિર્ણય લીધો છે. જેમાં દરેક કર્મચારીઓને એક નિશ્ચિત રકમ મર્યાદામાં દર વરસે મેડીકલ ચેકઅપ કરાવવામાં આવશે. જે તમામ મેડીકલ ડેટાનો ડીઝીટલ રેકોર્ડ જાળવવામાં આવશે. દરેક યુનિટ અને જિલ્લામાં એક વિશેષ અધિકારીઓને હેલ્થ મોનીટરીંગની જવાબદારી સોંપાશે.

વેલ્ફેર ફંડ અંતર્ગત ચાલતા બાલમંદિર અને ચાઈલ્ડ કેર સેન્ટરોમાં સેવા આપતી આયા બહેનોના વેતનની વિસંગતતા દુર કરવામાં આવી છે. હવે તમામ યુનિટમાં કામ કરતી મહિલાઓને એક સરખો આર્થિક લાભ અને વેતન અપાશે.

# આરટીઈમાં ૫,૮૧૪ બાળકોને એડમીશન: ૫,૩૦૦ થી વધુ બેઠકો ખાલી

પ્રતિનિધિ,ગાંધીનગર

રાઈટ ટુ એજયુકેશન એકટ અંતર્ગત ખાનગી સ્કુલોમાં ધોરણ ૧ માં પ્રવેશ માટેની રાજય સરકારની ઓનલાઈન કેન્દ્રીય પ્રક્રિયામાં બીજા રાઉન્ડની પ્રવેશ ફાળવણી કરી દેવામાં આવી છે. જેમાં અગાઉની ખાલી પડેલી ૧૧૧૫૫ જગ્યાઓમાંથી ૫૮૧૪ જગ્યાઓમાં પ્રવેશ ફાળવાયો છે. આમ બીજા રાઉન્ડની પ્રવેશ ફાળવણી બાદ પણ ૫૩૪૧ જગ્યાઓ હજુ પણ ખાલી રહી છે. ૪૫૮૧૫ વાલીઓએ સ્કુલની પુન: પસંદગી ન કરતા મોટી સંખ્યામાં જગ્યાઓ ખાલી રહી છે.




આરટીઈ હેઠળ ધોરણ ૧ માં ખાનગી સ્કુલોમાં ૨૫ ટકા બેઠકોમાં વિનામુલ્યે પ્રવેશ અપાય છે. જે માટે દર વરસે રાજય સરકારના પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા ઓનલાઈન કેન્દ્રીય પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાય છે, ચાલુ વરસે ૯૭૭૦ ખાનગી સ્કુલોની ૮૩૬૭૮ બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાઈ હતી, આ બેઠકો સામે ચાલુ વરસે ૧,૮૫,૮૮૭ વાલીઓની અરજી માન્ય થઈ હતી, પહેલા રાઉન્ડમાં ૭૭,૯૨૫ બાળકોને પ્રવેશ ફાળવાયા હતા, પ્રવેશ મેળવેલા બાળકોમાંથી અનેક બાળકોના વાલીઓએ પ્રવેશ કન્ફોર્મ કરાવ્યો ન હતો, જેને પગલે બેઠકો ખાલી રહી હતી. અગાઉ પહેલા રાઉન્ડના પ્રવેશ ફાળવણીમાં બેઠકો ખાલી રહ્યા બાદ વાલીઓએ પ્રવેશ કન્ફોર્મ ન કરાવતા ખાલી રહેલી બેઠકો સાથે કુલ ૧૧૧૫૫ બેઠકો ખાલી રહી હતી, અનેક વાલીઓએ પ્રવેશ કન્ફોર્મ કરાવ્યા બાદ રદ કરાવતા ખાલી બેઠકો હતી, ૧૧૧૫૫ બેઠકો માટે બીજો રાઉન્ડ હાથ ધરાયો હતો,

આ બીજા રાઉન્ડમાં ૧,૦૮,૦૨૧ વાલીઓમાંથી ૬૨,૨૦૬ વાલીઓએ સ્કુલોની પુન: પસંદગી ઓનલાઈન કરી હતી, પરંતુ ૪૫,૮૧૫ વાલીઓએ પુન: પસંદગી કરી ન હતી, બીજા રાઉન્ડમાં પ્રવેશ ફાળવણી જાહેર કરી દેવાઈ છે. જેમાં ૧૧૧૫૫ જગ્યાઓમાંથી ૫૮૧૪ જગ્યાઓમાં પ્રવેશ ફાળવાયો છે. મધ્યમવાર જોઈએ તો ૩૩૫૫ ખાલી બેઠકોમાંથી ૨૮૭૮ જગ્યામાં, અંગ્રેજી માધ્યમમાં ૬૦૧૨ જગ્યા માં થી ૨૮૮૭ જગ્યામાં, હિન્દી માધ્યમ માં ૧૬૧૪ જગ્યા માં થી ૩૮ અને અન્ય માધ્યમમાં ૧૭૪ જગ્યાઓમાં થી ૧૧ જગ્યામાં પ્રવેશ ફાળવાયેલા છે. આમ બીજા રાઉન્ડની પ્રવેશ ફાળવણી બાદ પણ હજુ ૫૮૧૪ બેઠકો ખાલી છે. જેમાં સૌથી વધુ અંગ્રેજી માધ્યમની છે. પ્રવેશ મેળવેલા બાળકોના વાલીઓએ આગામી ૪ જુન સુધી માં સ્કુલ ડોકયુમેન્ટ સાથે રૂબરૂ જઈને પ્રવેશ કન્ફોર્મ કરવાનો રહેશે. હજુ પણ ત્રીજો રાઉન્ડ કરવામાં આવશે.

# જોલી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ સામે છેતરપિંડીની ફરિયાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ઉનાળાના વેકેશનમાં ફરવા જવા ઈચ્છતા અમદાવાદીઓ માટે લાલબત્તી સમાન કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરના ગોતા વિસ્તારમાં આવેલી એક જાણીતી ટુર એન્ડ ટ્રાવેલ્સ કંપની દ્વારા પ્રવાસીઓ સાથે લાખો રૂપિયાની છેતરપિંડી અને મનમાની આચરવામાં આવી હોવાની ગંભીર ફરિયાદ ઉઠી છે. હિમાચલ પ્રદેશના સુંદર લોકેશન ચંદ્રતાલ અને સ્પીતિ વેલીની ટુર કરાવી આપવાના બહાને ૩૦ સભ્યોના એક ગૃપ પાસેથી લાખો રૂપિયા પડાવી લીધા બાદ ત્યાં કોઈ સુવિધા ન આપીને અટવડાવી મૂકવામાં આવ્યા હોવાનો મામલો પોલીસ ચોપડે ચડ્યો છે.મળતી વિગતો અનુસાર, અમદાવાદના ગોતા ખાતે કાર્યરત 'જોલી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ' વિરુદ્ધ ગ્રાહકો દ્વારા ઠગાઈની સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે. ભોગ બનનાર ગ્રાહકોએ જણાવ્યું હતું કે, તેઓએ હિમાચલ પ્રદેશના ચંદ્રતાલ અને આસપાસના વિસ્તારોની ટુર માટે આ ટ્રાવેલ્સ એજન્સીનો સંપર્ક કર્યો હતો.

**પશ્ચિમ રેલ્વે-રતલામ વિભાગ**

W/623/5/1/NIT તા.27.05.2026

ઇ-ટેન્ડર સૂચના

ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA) રતલમ ડિવિઝન, પશ્ચિમ રેલ્વે વેબસાઇટ www.ireps.gov.in પર ઇ-ટેન્ડર દ્વારા *ઓપન ટેન્ડર* આમંત્રિત કરે છે. વિગતો નીચે મુજબ છે:- ઇ-ટેન્ડર નંબર: RTM-2026-27-48. કામનું નામ: પ્લેટફોર્મ નં. 2 નું બેરછા ઉભું કરવું. અંદાજિત કિંમત: ₹1,72,36,263.60. જમા કરાવવાના બાકી નાણાં: ₹3,44,800/-. પૂર્ણતા સમયગાળો: 8 મહિના. સમાન પ્રકારનું કામ: કોઈપણ સિવિલ એન્જિનિયરિંગ કાર્ય. વેબસાઇટ પર અપલોડ કરવાની તારીખ: 27.05.2026. ટેન્ડર ખોલવાની તારીખ: 19.06.2026. વિગતવાર ટેન્ડર સૂચના, પાત્રતા માપદંડો અને નિયમો અને શરતો વેબસાઇટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. ટેન્ડર ફોર્મની કિંમત શૂન્ય છે.

SPAN/5/1/76

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# IPL ફાઈનલને લઈ અમદાવાદમાં ક્રિકેટ ફિવર, ૨ સ્પેશિયલ ટ્રેન દોડશે: હોટેલમાં એડવાન્સ બુકિંગ શરૂ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાનાર આઈપીએલ ફાઈનલ મુકાબલાને લઈને ક્રિકેટ ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મુંબઈ, બેંગલુરુ, દિલ્હી સહિત દેશના વિવિધ શહેરોમાંથી મોટી સંખ્યામાં ક્રિકેટ પ્રેમીઓ અમદાવાદ પહોંચવાના હોવાથી ટ્રાવેલ અને હોટેલ ઈન્ડસ્ટ્રીમાં ભારે માંગ ઊભી થઈ છે. આ કારણે અમદાવાદ હોટેલના ભાવ પણ વધ્યાં છે. ફાઈનલ મેચને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ અમદાવાદ અને મુંબઈ વચ્ચે બે જોડી એસી સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે. ૩૧ મે અને ૧ જૂનના રોજ આ વિશેષ ટ્રેનોનું સંચાલન કરવામાં આવશે. વધતી મુસાફરોની ભીડને પહોંચી વળવા અને ક્રિકેટ ચાહકોને સરળ મુસાફરી સુવિધા મળી રહે તે માટે રેલવે દ્વારા આ ખાસ આયોજન કરવામાં આવ્યું છે.

રેલવે સત્તાવાળાઓના જણાવ્યા મુજબ આ સ્પેશિયલ ટ્રેનો માટે આજથી જ બુકિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. જોકે, આ ટ્રેનોમાં વિશેષ ભાડું લેવામાં આવશે. ક્રિકેટ પ્રેમીઓમાં ભારે ઉત્સાહ હોવાના કારણે ટિકિટ બુકિંગ માટે પણ ભારે દોડધામ જોવા મળી રહી છે.

બીજી તરફ અમદાવાદમાં હોટેલોના ભાવમાં પણ મોટો વધારો નોંધાયો છે. શહેરની અનેક હોટેલો અને ગેસ્ટ હાઉસમાં આજથી જ એડવાન્સ બુકિંગ શરૂ થઈ ગયું છે. ફાઈનલ મેચને કારણે અમદાવાદમાં ક્રિકેટ ફીવર છવાઈ ગયો છે અને શહેરમાં ચાહકોની ભારે અવરજવર જોવા મળી રહી છે.

ગુજરાત ટાઈટન્સે બીજા ક્વોલિફાયરમાં રાજસ્થાન રોયલ્સને ૭ વિકેટથી હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો. કેપ્ટન શુભમન ગિલની સદી ગુજરાતની એકતરફી જીતમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. પ્રથમ બેટિંગ કરતા રાજસ્થાને ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૨૧૪ રન બનાવ્યા. પીછો કરતા, GT એ ૧૮.૪ ઓવરમાં ૩ વિકેટે ૨૧૯ રન બનાવીને વિજય મેળવ્યો. ગિલે ટીમ માટે સૌથી વધુ ઈનિંગ્સ રમી, ૫૩ બોલમાં ૧૫ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી ૧૦૪ રન બનાવ્યા. ગિલ સાથે ઓપનિંગ કરનાર સાઈ સુદર્શને પણ શાનદાર ઈનિંગ્સ રમી અને ફિફ્ટી ફટકારી. બંનેએ પ્રથમ વિકેટ માટે ૧૬૭ રનની ભાગીદારી (૭૭ બોલમાં) કરી, જેનાથી ટીમનો વિજય લગભગ નિશ્ચિત થઈ ગયો. સુદર્શને ૩૨ બોલમાં ૮ ચોગ્ગા અને ૧ છગ્ગાની મદદથી ૫૮ રન બનાવ્યા. પાછલી મેચની જેમ, આ મેચમાં પણ તે હિટ વિકેટ આઉટ થયો.

ટકે શેર કડિયો, ટકે શેર શિક્ષક,વાયબ્રન્ટ નગરીને મોદી રાજા?

# ગુજરાતમાં તો શ્રમિકોનું શોષણ સરકાર પોતે જ કરે છે? જયાં વાડ જ ચીભડા ગળે ત્યાં ફરિયાદ કોને કરવી?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ભારતનું બંધારણ પણ રાજય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં રાજયની જવાબદારી શ્રમિકોનું કલ્યાણ કરવાની છે એમ કહે છે, પણ ગુજરાતમાં તો શ્રમિકોનું શોષણ સરકાર પોતે જ કરે છે? વાડ જ ચીભડાં ગળે અને ચોકીદાર જ ચોરી કરે એવી સ્થિતિ ગુજરાતમાં ઊભી થઈ છે.

ભાજપની સરકાર અને મોદી શબ્દોને રમાડવામાં માહેર છેઃ એટલે એમણે સરકારી કર્મચારીઓ માટે એક શબ્દ શોધી કાઢયો છે અને તે છે કર્મયોગી? આ કર્મયોગી પાસે તેઓ કર્મ કરાવે છે અને તે કર્મને યોગ સમજવાનું કહેવાયું છે? એટલે એમને નિયમ મુજબ મળવાપાત્ર વળતર નહીં આપવું એવું સરકારે નક્કી કર્યું છે.

સરકાર આવું કરે છે અને તેને એ સુશાસન પણ કહે છે. જે પ્રાથમિક શિક્ષક નિયમ મુજબ પગાર પંચના ધારાધોરણો મુજબ પગાર મેળવવાને પાત્ર હોય તેને રૂપિયા ૨૫૦૦/- માં શિક્ષક થવાનું કહેવાય છે. લગભગ એક દાયકા સુધી શિક્ષક કે જેને વિદ્યાસહાયક કહેવાયા. તેમના પગાર રૂપિયા ૨૫૦૦/- જેટલો જ સ્થિર રહ્યો.

રાજયના પ્રધાનો અને ધારાસભ્યોના પગારો અને ભથ્થાં વધ્યા જે ક્યારેક લગભગ રૂપિયા ૫૫૦૦૦/- હતા. પણ વિદ્યાસહાયકો નો પગાર વધ્યો નહીં. પછી લગભગ દસેક વર્ષ બાદ તેમનો (વિદ્યા સહાયકોનો) પગાર રૂપિયા ૪૫૦૦/- થયો અને અત્યારે રૂપિયા ૫૩૦૦/- થયો. આમ એક શિક્ષકને રોજનું રૂપિયા ૧૭૦/- નું વેતન મળે છે. જયારે નરેગા હેઠળ શારીરિક મજૂરી કરનારને દૈનિક રૂપિયા ૧૪૭/- નું વેતન મળે છે. આમ દહાડિયા મજુર કરતા શિક્ષકોને રોજના ૩૦ રૂપિયા જ વધારે મળે છે?

અનેક વિદ્યાસહાયકો માત્ર સ્નાતક કે પીટીસી કરેલા જ હોય છે એવું નથી. ઘણા બધાએ અનુસ્નાતક, એમ.ફીલ અને પી.એચ.ડી ની ઉપાધિઓ પણ મેળવેલી હોય છે. એટલે કે ૧૨ મા ધોરણ પછી ત્રણ, પાંચ કે સાત-આઠ વર્ષનો અભ્યાસ કરનારી વ્યક્તિને દહાડિયા મજૂર જેટલું જ વેતન ગુજરાત સરકાર પાંચ વર્ષ સુધી આપે એને શું સુશાસન કહેવાય?

એક પ્લમ્બર ઘરમાં એક નળ નાંખવા કે રીપેરીંગ કરવા આવે તો પણ તે અર્ધો કલાકના કામ પેટે રૂપિયા ૨૦૦/- મજૂરી લે છે.ઈલેક્ટ્રિશિયન તો તેનાથી પણ વધારે પૈસા લે છે. સામાન્ય કડિયા પણ છ કલાકની મજૂરીના રૂપિયા ૭૦૦/- થી રૂપિયા ૧૦૦૦/- ની મજૂરી મેળવે છે. પણ ગુજરાતનો શિક્ષક રૂપિયા ૧૭૭/- જ મેળવે છે? સમજ્યા આને કહેવાય વિકાસ!

આતો સરકારી શાળાના શિક્ષકની વાત છે. પણ ગુજરાત સરકારે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણનું જે ખાનગીકરણ કર્યું છે તેની પરિસ્થિતિ તો ભારે ખરાબ છે.સ્વનિર્ભર શાળાઓમાં હજારો શિક્ષકોને મહિને રૂપિયા ૧૫૦૦/- પગાર આજે પણ મળે છે. જુનિયર કેજી, સિનિયર કેજી અને ચાર કે પાંચ ધોરણ સુધીના શિક્ષકોને સંખ્યાબંધ શાળાઓમાં આટલો જ કે તેનાથી થોડોક વધારે પગાર મળે છે. ત્યારે તેઓ બાળકને શું ભણાવી શકે? અને કેવું ભણાવે? એ પ્રજાએ વિચારવાનું છે.

# અધધ!! રૂપિયા ૧૯ લાખથી વધુ રૂપિયાના શરાબ પર ફરી વળ્યું રોડ રોલર

## સુરત પોલીસે દારૂની ૨૯૧ બોટલ અને ૨૬૫ બીઅરના ટિનનો કર્યો નાશ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરતમાં ઝોન-૩ માં આવેલા પાંચ પોલીસ સ્ટેશનોમાં પ્રોહિબિશનના ગુનામાં પકડાયેલા ૧૯ લાખ થી વધુ ની કિંમતના દારૂ અને બિઅરના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. કતારગામ પોલીસ સ્ટેશન, મહિધરપુરા પોલીસ સ્ટેશન, લાલગેટ પોલીસ સ્ટેશન, ચોક બજાર પોલીસ સ્ટેશન અને સિંગણપોર પોલીસ સ્ટેશન દ્વારા પકડાયેલા દારૂના જથ્થાને પોલીસ અને નશાબંધી વિભાગના અધિકારીઓની બનેલી કમિટીની હાજરીમાં ૨૦ મે એ ડભોલી અક્ષરવાડી ફાર્મ ની બાજુમાં ડભોલી બ્રિજ નીચે સિંગણપોર ખાતે રોડરોલર ફેરવીને નાશ કરવામાં આવ્યો હતો. નાશ કરાયેલા દારૂના જથ્થામાં દારૂની નાની મોટી ૨૯૧ બોટલો, બિઅરના ૨૬૫ ટિન મળીને કુલ ૧૯૭૯૨૯૮/- રૂપિયાના મુદ્દા માલનો નાશ કરવામાં આવ્યો હતો. આ છે ગાંધી ના ગુજરાતમાં થતો દારૂબંધીનો અમલ.

# બેબીસીયા બિમારીએ ગીરના સિંહોમાં ફરી મચાવ્યો તાંડવઃ ૮ સિંહોના થયા મોત

પ્રતિનિધિ,ગાંધીનગર

એશિયાટીક સિંહના એકમાત્ર ઘર ગણાતા ગીર જંગલમાંથી ચિંતાજનક સમાચાર પ્રાપ્ત થયા છે, અમરેલી અને ગીર પશ્ચિમ જંગલમાં ૮ સિંહના મોત થયા છે. જયારે ધારી ગીર પૂર્વના ગીર ગઢડા સરહદ વિસ્તારમાં છેલ્લા ૧૦ દિવસમાં જ ૩ સિંહ બાળના પણ મોત થતા વનવિભાગ સહિત વન્ય જીવ પ્રાણીઓમાં ભારે દોડધામ મચી જવા પામી છે.



ગાંધીનગરના પ્રિન્સિપાલ ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ (પીસીસીએફ) જયપાલસિંહે આ સમગ્ર મામલે માહિતી આપતા જણાવ્યુ હતુ કે બેબીસીયા જેવા જીવલેણ વાયરસ થી સિંહના મોત થયાની આશંકા છે. ગુજરાતની આગવી ઓળખ ગણાતા એશિયાટીક સિંહોના ઘર ગીર માં ૨૦૧૮ માં જે બિમારીએ વનવિભાગની ઉંઘ ઉડાવી દીધી હતી તેણે ફરી એકવાર ૮ વરસ બાદ સિંહોમાં ફેલાતા વનવિભાગ એલર્ટ થઈ ગયો છે. આ બિમારીથી તાજેતરમાં ગીર પશ્ચિમ અને ગીર પૂર્વ વનવિભાગની બોર્ડર પર કેટલાક સિંહોના મોત થયા હોવાનુ કહેવામાં આવી રહ્યુ છે. ગીર જંગલમાં કેનાઈન ડિસ્ટેમ્પર વાયરસ (સીડીવી) અને બેબીસીયા જેવા જીવલેણ રોગચાળાનુ સંકટ છવાયુ છે. ૨૦૧૮ માં આ બિમારીથી આશરે ૨૩ થી વધારે સિંહોના મોત થયા હતા. ત્યારે ફરી આવી સ્થિતિ ન સર્જાય તે માટે વનવિભાગ એલર્ટ થઈ ગયુ છે અને વન્ય જીવોને બચાવવા માટે જરૂરી કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. આ બિમારી વધારે ન ફેલાય તે માટે વનવિભાગ દ્વારા તાત્કાલીક એકશન પ્લાન અમલમાં મુકવામાં આવ્યો છે. વનવિભાગ દ્વારા જંગલ વિસ્તારમાંથી નબળા અને અશકત દેખાતા સિંહોને શોધવામાં આવી રહ્યા છે અને તેમની તબીબી તપાસ કરવામાં આવી રહી છે. એટલુ જ નહી સિંહના લોહીના સેમ્પલ પણ લેવામાં આવી રહ્યા છે. એનીમલ ડોકટરોની વિશેષ ટીમો દ્વારા સિંહોની સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. જરૂર જણાય તેવા સિંહોને રાત્રી દરમિયાન પાંજરે પુરવાની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. ૨૦૧૮ બાદ ફરીથી કેનાઈન ડિસ્ટેમ્પર વાયરસ (સીડીવી) અને બેબીસીયા જેવા જીવલેણ બિમારીએ ગીરના જંગલમાં દેખાતા વનવિભાગ દોડતો થઈ ગયો છે. ગીર પશ્ચિમ અને ગીર પૂર્વ બોર્ડર પર ૨ સિંહબાળ સહિત ૫ સિંહોના મોત થયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ મામલે ગરવી ગુજરાત સાથે વાત કરતા વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડીયાએ જણાવ્યુ હતુ કે છેલ્લા અઠવાડીયામાં ૫ સિંહોના મોતના સમાચાર આવ્યા છે. જેમાંથી માત્ર ૨ સિંહબાળ ના મોત જ બેબીસીયા બિમારીના કારણે થયા છે. જયારે અન્ય સિંહોના મોતનુ કારણ અલગ છે,

ગાંધીનગર વન વિભાગના પીસીસીએફ જયપાલસિંહ રાઠોડે જણાવ્યુ હતુ કે ૫ માં થી ૨ સિંહબાળ બેબીસીયાથી, ૧ સિંહબાળનુ ઈન-ફાઈટ (લડાઈ) મા અને ૨ પ્રૌઢ સિંહોના કુદરતી કારણોથી મોત થયા છે. ગીર વિસ્તારમાં સિંહોના આરોગ્ય પર સતત નજર રાખવામાં આવી રહી છે. જયાં જયાં સિંહોમાં સંક્રમણ જેવા લક્ષણો દેખાઈ રહ્યા છે ત્યાં ત્યાં મેડીકલ ટીમ મોકલીને સેમ્પલિંગ અને સ્ક્રિનિંગ હાથ ધરવામાં આવી રહ્યુ છે. પરિસ્થિતિ નિયંત્રણ માં છે. તકેદારીના ભાગરૂપે સમગ્ર ગીર વિસ્તારમાં હાઈએલર્ટ જાહેર કરી દેવામાં આવ્યુ છે.

# મોરબીમાં ટાઈલ્સ મોંઘી દાટઃ આવતી કાલ તા. ૧ જુનથી ભાવવધારો અમલમાંઃ હવે ઘર બનાવવુ થશે મોંઘુ

પ્રતિનિધિ,ગાંધીનગર

મોરબી જે વિશ્વના સિરામીક હબ તરીકે જાણીતુ છે. ત્યાં ફરી એકવાર ટાઈલ્સના ભાવમાં ધરખમ વધારો ઝીંકવામાં આવ્યો છે. સિરામીક એસોસીએશન દ્વારા લેવાયેલા આ નિર્ણયથી બાંધકામ ક્ષેત્રે સંકળાયેલા લોકો અને ઘરનુ સપનુ જોતા મધ્યમવર્ગના પરીવારો પર આર્થિક બોજ વધશે, આ ભાવવધારો આવતી કાલે તારીખ ૧ જુન થી સમગ્ર મોરબીમાં અમલી બનશે.




સિરામીક એસોસીએશનના પ્રમુખ મનોજ એરવાડીયાએ જણાવ્યુ હતુ કે છેલ્લા કેટલાક સમયથી ગેસ, ડીઝલ અને પેટ્રોલના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. આ ઉપરાંત ટાઈલ્સ બનાવવા માટે જરૂરી રો-મટીરીયલ્સ અને ટ્રાન્સપોર્ટેશન ખર્ચ પણ આસમાને પહોચ્યો છે. ઉત્પાદન ખર્ચમાં અંદાજે ૪૦ થી ૫૦ ટકા જેટલો તોતીંગ વધારો થવાને કારણે ઉદ્યોગકારો માટે જુના ભાવે વેપાર કરવો હવે અશકય બન્યો છે. જેના કારણે અનિચ્છાએ પણ આ ભાવવધારો અમલમાં મુકવો પડયો છે. નવા ભાવ મુજબ જીવીટી ટાઈલ્સના ભાવમાં પ્રતિફુટ રૂપીયા ૫ નો વધારો કરવામાં આવ્યો છે. જયારે વોલ ટાઈલ્સમાં બોક્ષ દીઠ રૂપીયા ૩૦ અને ફલોર ટાઈલ્સમાં બોક્ષ દીઠ રૂપીયા ૫૦ સુધીનો વધારો થશે. અન્ય સાઈઝની ટાઈલ્સમાં પણ માપ મુજબ ભાવ વધારવામાં આવ્યા છે. આ ભાવ વધારા અંગે ગ્રાહકોને અગાઉથી જ એસોસીએશન દ્વારા પત્ર લખીને જાણ કરવામાં આવી હતી. જેથી તેઓ માનસિક રીતે તૈયાર રહે, વધુમાં સિરામીક એસોસીએશન દ્વારા વેપારની નીતીમાં પણ મહત્વનો ફેરફાર કરવામાં આવ્યો છે. અત્યાર સુધી સિરામીક ઉદ્યોગમાં ઉધારીની સિસ્ટમ ચાલતી હતી, પરંતુ હાલની આર્થિક કટોકટી અને મોટા ટર્નઓવરને પહોચી વળવા માટે હવેથી દરેક મટીરીયલ્સ એડવાન્સ પેમેન્ટથી જ વેચવાનો નિર્ણય લેવાયો છે. આ નવી પોલીસી થી ઉદ્યોગકારોને ફાઈનાન્સિયલ લિકિવડિટી જાળવવામાં મદદ મળશે.

# વડોદરાના રાવપુરા પોલીસ મથકે હાઈવોલ્ટેજ ડ્રામાઃ રૂ.૩૪ લાખની લોન બાકી હોવાથી બેંકે ભાજપના ખેસવાળી કાર જપ્ત કરી

પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરા શહેરમાં ગઈ કાલે રાવપુરા પોલીસ સ્ટેશનની બહાર ભાજપનો ખેસ લગાવેલી એક ફોર્ચ્યુનર કાર જપ્ત થતા જ જબરો રાજકીય અને સામાજિક ગરમાવો આવી જવા પામ્યો છે. પાદરાના એક કથિત ભાજપ કાર્યકર દ્વારા બેંક લોનના હપ્તા ન ચુકવતા આખરે બેંક એજન્સીએ કાયદેસરની કાર્યવાહી કરીને કાર સીઝ કરી હતી. જેને પગલે મામલો પોલીસ મથકે પહોચ્યો હતો.

મળેલી માહિતી મુજબ પાદરા ખાતે રહેતા અને પોતાને ભાજપના કાર્યકર ગણાવતા જગદીશ શાંતિલાલ પટેલે ફોર્ચ્યુનર કાર ખરીદવા માટે બેંકમાંથી રૂપીયા ૨૯.૭૫ લાખની




લોન લીધી હતી. બેંકના સત્તાવાર કર્મચારીઓના જણાવ્યા અનુસાર લાંબા સમયથી લોનની ચુકવણી ન થવાના કારણે વ્યાજ સહિત આ આંકડો આશરે રૂપીયા ૩૪.૧૨ લાખ થી વધુ પર પહોચી ગયો છે. બેંકના વારંવાર ના પ્રયાસો છતાં નાણાં પરત મળતા આખરે એજન્સી મારફતે આ મોંઘીદાટ કારને જપ્ત કરવામાં આવી છે. બેંકના અધિકારીઓએ ખુલાસો કર્યો હતો કે આ અગાઉ પણ પાદરા વિસ્તારમાં જગદીશ પટેલની આ કારને સીઝ કરવામાં આવી હતી. પરંતુ તે સમયે તેઓ ગમે તેમ કરીને કાર છોડાવી ગયા હતા. બેંકે એવો પણ દાવો કર્યો હતો કે જગદીશ પટેલને અગાઉ બ્રાન્ચ ખાતે રૂબરૂ બોલાવીને બાકી રકમ ભરી જવા સમજાવવામાં આવ્યા હતા. તેમ છતાં તેમના તરફથી કોઈ યોગ્ય સહકાર ન મળતા આખરે બેંકના નીતી નિયમો મુજબ કાર સીઝ કરવાની ફરજ પડી હતી. એટલુ જ નહી જગદીશ પટેલ પર અન્ય બેંકોની લોન પણ ચાલુ હોવાની વિગતો બહાર આવી છે. ગઈ કાલે જયારે બેંક એજન્સીએ કાર જપ્ત કરી ત્યારે મામલો રાવપુરા પોલીસ સ્ટેશને પહોચ્યો હતો. પોલીસ સ્ટેશનની બહાર ઉભેલી આ વૈભવી ફોર્ચ્યુનર કારના ડેસ્ક પર ભાજપનો ખેસ મુકેલો હતો. જે ત્યાં હાજર તમામ લોકોમાં ભારે કુતુહલ અને ચર્ચાનો વિષય બન્યો હતો. જગદીશ પટેલે પોતે ભાજપના સક્રિય કાર્યકર હોવાનો દાવો કર્યો હતો. ત્યારે સત્તાધારી પક્ષના કાર્યકરની જ કાર લોન ડીફોલ્ટ થવાને કારણે પોલીસ સ્ટેશને પહોચતા પંથકમાં આ કિસ્સો ભારે ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો.

# હત્યાનો બદલો લેવા અકસ્માત સર્જીને યુવકની હત્યા કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)ભાવનગર

ભાવનગરના ઘોઘા તાલુકાના ભુતેશ્વર ગામમાં એક વર્ષ જૂના હત્યાના કેસનો બદલો લેવા માટે ફિલ્મી ઢબે અકસ્માત સર્જીને એક યુવકની હત્યા કરવામાં આવી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ ઘટનામાં હત્યાના કેસના આરોપી સાથે જઈ રહેલા તેના નિર્દોષ મિત્રનું મોત નીપજ્યું છે, જ્યારે આરોપી સહિત અન્ય બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.ભુતેશ્વર ગામના વતની હાર્દિક કંટારીયા અને તેમનો મિત્ર સુનિલ ભૂતકાળમાં ગામના જ પિયુષ કંટારીયાના હત્યા કેસમાં જેલમાં બંધ હતા. જેમાં આરોપી હાર્દિક હાલ જામીન પર મુક્ત છે, જ્યારે સુનિલ હજુ પણ જેલમાં જ છે. ગત રોજ સુનિલને પોલીસ જાપ્તા હેઠળ સારવાર માટે ભાવનગરની સર ટી. હોસ્પિટલ લાવવામાં આવ્યો હતો. આથી હાર્દિક તેના મિત્ર શાંતિ કંટારીયા અને રોનક કંટારીયા સાથે મોપેડ પર તેને મળવા માટે હોસ્પિટલ ગયો હતો.

# ગાંધીનગર સચિવાલયમાં ટ્રાન્સમિશનમાં ભડાકોઃ માર્ગ મકાન વિભાગના વાયરમેન સહિત ૪ ઘાયલ



પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના પાટનગર ગાંધીનગર સ્થિત સચિવાલય પરીસરમાંથી એક મોટા સમાચાર પ્રાપ્ત થયા હતા. સચિવાલયના બ્લોક નંબર ૧૩ પાસે આવેલા પાવર સપ્લાયના ટ્રાન્સમિશન વાયરીંગમાં અચાનક શોર્ટ સર્કિટ થવાના કારણે જોરદાર વિસ્ફોટ થયો હતો. આ દુર્ઘટનામાં માર્ગ અને મકાન વિભાગના બે વાયરમેન સહિત અન્ય કર્મચારીઓ મળીને કુલ ચાર લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

મળેલી માહિતી મુજબ નર્મદા વિભાગ અને માર્ગ મકાન વિભાગ વચ્ચે આવેલા બ્લોક નંબર ૧૩ ની નીચે આ મોટી ઘટના બનવા પામી હતી. પાવર સપ્લાય લાઈનમાં અચાનક શોર્ટ સર્કિટ થતા જ જોરદાર ધડાકો થયો હતો. આ અકસ્માતમાં ફરજ પરના બે વાયરમેન ગંભીર રીતે દાઝી ગયા હતા. જયારે અન્ય એક વ્યકિતના બંને દાઝયા હતા અને કુલ ત્રણ લોકોને નાની મોટી ઈજાઓ પહોચી હતી. ઘટનાના પગલે સચિવાલયમાં ભારે દોડધામ મચી જવા પામી હતી. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલીક સારવાર અર્થે ગાંધીનગર સીવીલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

આ વિસ્ફોટની સીધી અસર સચિવાલયના વીજ પુરવઠા પર પડી હતી, સ્વર્ણિમ સંકુલ-૨ સહિત સચિવાલયના બ્લોક નંબર ૮ થી ૧૪ માં અચાનક વિજળી ડુલ થઈ ગઈ હતી. સાવચેતીના ભાગરૂપે અને કોઈ મોટી હોનારત ન સર્જાય તે માટે મોટાભાગના બ્લોકમાં લીફટ સેવાઓ તાત્કાલીક ધોરણે બંધ કરી દેવામાં આવી હતી, જો કે વહિવટી તંત્રની ત્વરીત કામગીરીને કારણે સ્વર્ણિમ સંકુલ-૨ માં થોડા સમય બાદ વીજ પુરવઠો ફરી પુનઃ સ્થાપિત કરી દેવામાં આવ્યો હતો. આ ઘટના પાછળ એક મોટુ કારણ પાવરલોડ નુ હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે. સચિવાલયને સેન્ટ્રલ એસી કરવા માટે સરકારે એક વરસ પહેલા જ કરોડો રૂપીયાની ગ્રાન્ટ ફાળવી દીધી છે. તેમ છતાં સચિવાલયની અનેક ચેમ્બરો અને બ્રાન્ચોમાં સરકારની સત્તાવાર મંજુરી વગર તાંબાના બોર્ડ નિગમોના સહયોગથી અલગ થી સંખ્યાબંધ એસી ફીટ કરી દેવામાં આવ્યા છે. આ આડેધડ ફીટ કરાયેલા એસીના કારણે વીજ લાઈનો પર પાવરલોડ ક્ષમતા કરતા ઘણો વધી ગયો હતો. જેના પરીણામે ટ્રાન્સમિશનમાં આ ભડાકો થયો હોવાની સચિવાલયમાં જોરદાર ચર્ચાઓ ચાલી હતી. હાલમાં માર્ગ મકાન વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને વીજ કંપનીની ટીમ દ્વારા પરિસ્થિતિ પર કાબુ મેળવીને સમારકામની કામગીરી તાત્કાલીક હાથ ધરવામાં આવી હતી.

# દિયોદર તાલુકા પંચાયતની ચુંટણીમાં રાજકીય ડ્રામા બાદ આવ્યો અંત : મતદાનમાં કોંગ્રેસની જીત : પ્રમુખ-ઉપપ્રમુખ જાહેર કરાયા

પ્રતિનિધિ,ગાંધીનગર


તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં હાલ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત પ્રમુખ-ઉપપ્રમુખની ચુંટણીઓને લઈને રાજકીય માહોલ ગરમાયો હતો. અનેક જગ્યાએ ઉમેદવારોને પોતાના પક્ષમાં રાખવા માટે દબાણ, ધમકી અને ખરીદ ફરોખ્ત ના આક્ષેપો વચ્ચે બનાસકાંઠા જિલ્લાના વાવ થરાદ વિસ્તારમાં આવેલી દિયોદર તાલુકા પંચાયત બેઠક સૌથી વધુ ચર્ચામાં આવી હતી. છેલ્લા કેટલાક દિવસોથી દિયોદરમાં રાજકીય તણાવ સતત વધી રહ્યો હતો અને આ વચ્ચે આજે શનિવારે દિયોદર તાલુકા પંચાયતમાં પ્રમુખ-ઉપપ્રમુખની ચુંટણીઓનુ મતદાન કરવામાં આવ્યુ હતું. હાલ હવે કોઈ બબાલ ન થાય તે માટે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે. દિયોદર તાલુકા પંચાયતમાં અંતે મોટા પાયે રાજકીય ડ્રામા બાદ આજે શનિવારે પ્રમુખ- ઉપપ્રમુખની ચુંટણી માટે મતદાન યોજાયુ હતું અને અંતે હવે કોંગ્રેસ આ બેઠક



પરથી જીતી ગયુ છે. કોંગ્રેસમાંથી પ્રભાતબા મફતસિંહ વાઘેલાને દિયોદર તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. જયારે ઉપપ્રમુખ તરીકે પાનાબેન ચાવડાની નિમણુંક કરવામાં આવી હતી. ત્યારબાદ આ રાજકીય ધમસાણનો અંત આવ્યો છે.


## રાજપૂત અવસાન


દિલગીરી સહ જણાવવાનું કે અમારા પિતાશ્રી અંબેલાલ કીકાભાઈ પરમારનું દુઃખદ અવસાન તા.29-05-2026ને શુક્રવારના રોજ થયેલ છે.

-: સદગતનું બેસણું :-

તા. 02-06-2026, મંગળવારના રોજ બપોરે 2:00 થી 6:00 કલાક સુધી શ્રી ચાપલધરા વિભાગ રાજપૂત સમાજ ભવન ખાતે રાખવામાં આવેલ છે. તેમની

ઉત્તરક્રિયા :- અધિક જેઠ વદ 9 ને મંગળવાર તા. 09-06-2026 ના રોજ 4:30 કલાકે રાખવામાં આવેલ છે તથા

તેરમાની વિધિ :- તા. 10-06-2026 ના રોજ 10:00 કલાકે અમારા નિવાસ સ્થાને રાખવામાં આવેલ છે. (તા. ક. લૌકિક રિવાજ બંધ છે.)

**સ્વ. અંબેલાલ કીકાભાઈ પરમાર**

સ્વ.તા. 29/05/2026

લિ.

છત્રસિંહ અંબેલાલ પરમાર (પુત્ર)
જયંતિલાલ અંબેલાલ પરમાર (પુત્ર)
બકુલાબેન વિજયસિંહ સોલંકી (પુત્રી)
વિજયસિંહ જીવણસિંહ સોલંકી (જમાઈ)
મહેશસિંહ ચંપકસિંહ પરમાર (ભત્રીજા)
જયેશસિંહ ધીરજસિંહ પરમાર (ભત્રીજા)
સંજયસિંહ ધીરજસિંહ પરમાર (ભત્રીજા)

શ્વસુર પક્ષ

મનુસિંહ ગુલાબસિંહ પરમાર
જશવંતસિંહ ગુલાબસિંહ પરમાર
ઈશ્વરસિંહ ગુલાબસિંહ પરમાર
અમ્રતસિંહ અભેસિંહ પરમાર
જશવંતસિંહ અભેસિંહ પરમાર
જયંતીભાઈ અભેસિંહ પરમાર

નિવાસ સ્થાન :- ધોળીકુવા (કુકેરી), તા. ચીખલી, જિ. નવસારી